RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 262* Date: 20.07.2022 Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### બિહારમાં ઉદયપુર જેવી ઘટના

# નૂપુર શર્માનો વીડિયો જોવા બાબતે છરી માર્યાનો આરોપ

**જાહેરમાં યુવકને છરીના ૬ ઘા મરાયા; ફરિયાદમાંથી નૂપુરનું નામ હટાવાયું પછી પોલીસે એફઆઇઆર નોંધી**



પટણા,તા.૧૯

ભાજપના પૂર્વ નેતા નુપુર શર્મા કેસને લઈને રાજસ્થાનના ઉદયપુર અને મહારાષ્ટ્રના અમરાવતી બાદ બિહારના સીતામઢીમાં પણ હુમલાની આવી જ ઘટના પ્રકાશમાં આવી છે. નુપુર શર્માનો વિવાદાસ્પદ વીડિયો જોયા બાદ એક યુવકને ઢોર માર મારવામાં આવ્યો છે. સીતામઢીના નાનપુરમાં આ હુમલામાં ૨૩ વર્ષીય અંકિત ઝા ગંભીર રીતે ઘાયલ થયો છે. જણાવવામાં આવી રહ્યું છે કે નુપુર શર્માનો વિવાદાસ્પદ વીડિયો જોયા બાદ અંકિત ઝા પર ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો અને દોડીને તેને છ વાર કરી હતી. હાલ તેની હાલત ગંભીર છે.દરભંગાના ડીએમસીએચના આઈસીયુમાં તેની સારવાર ચાલી રહી છે. હુમલો કરનારા યુવકોએ પહેલા અંકિતના ચહેરા પર સિગારેટનો ધુમાડો ઉડાડ્યો હતો. ત્યાર બાદ અપશબ્દો બોલવા લાગ્યા હતા. આ બાબતે વિરોધ કરવા પર ત્રણેયએ અંકિતની જમણી બાજુએ કમર પાસે છરીના ઘા મારી હુમલો કર્યો હતો. અંકિત ઝા નાનપુરના બહેરા ગામનો રહેવાસી છે. જોકે, પોલીસે આ વાતને નકારી કાઢી હતી કે આ હુમલો નુપુર શર્મા સાથે સંબંધિત હતો.આ ઘટના ૧૫ જુલાઈની હોવાનું કહેવાય છે. પોલીસે પીડિતના પરિવારની ફરિયાદ ત્યારે નોંધી, જ્યારે ફરિયાદમાંથી નૂપુરનો ઉલ્લેખ હટાવી દેવામાં આવ્યો હતો. પોલીસે ૨ લોકોની ધરપકડ કરી છે. હવે મુખ્ય આરોપી પોલીસ પકડમાંથી પણ બહાર છે. એસપી હર કિશોર રાયનું કહેવું છે કે પીડિત અને આરોપીઓ નશો કરી રહ્યા હતા. આ પછી બંને વચ્ચે ઝઘડો થયો હતો. આ મામલે નૂપુર શર્મા સાથે જોડાયેલા કોઈ વિવાદનો એસપીએ ઈનકાર કર્યો હતો. પોલીસે પાંચ લોકો સામે ગુનો નોંધી બેની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી હજુ પકડની બહાર છે. હુમલામાં પાંચ આરોપી હતા. જેમાં નાનપુર ગામના ગૌરા ઉર્ફે મોહમ્મદ નિહાલ અને મોહમ્મદ બિલાલનો સમાવેશ થાય છે.

સીતામઢીની ઘટનાનો એક કથિત વીડિયો, જેમાં અંકિત પર દોડીને છ વખત હુમલો કરવામાં આવ્યો છે, તે વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં એક યુવક લોહીના ખાબોચિયામાં પડેલો જોવા મળી રહ્યો છે. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે યુવક પાનની દુકાન પર ઉભો રહીને નુપુર શર્માનો વીડિયો જોઈ રહ્યો હતો. ત્યારબાદ ત્યાં સિગારેટ પીતા અન્ય યુવક સાથે તેની બોલાચાલી થઈ હતી. બાદમાં યુવક તેના સાથીદારો સાથે આવ્યો હતો અને અંકિત પર હુમલો કર્યો હતો. અંકિતને છ વાર કરવામાં આવ્યો હતો. અંકિતને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક છે. અંકિત ઝા પર હુમલાના મામલામાં એફઆઈઆર નોંધવામાં પોલીસની ભૂમિકા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. પરિવારનો આરોપ છે કે પ્રથમ ફરિયાદમાં તેઓએ હુમલા અંગે નુપુર શર્મા કેસનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ બાદમાં પોલીસે તેને બદલવાનું કહ્યું હતું. તે જ સમયે, બીજી ફરિયાદમાંથી નુપુર શર્માનું નામ કાઢી નાખવા માટે એફઆઈઆર નોંધવામાં આવી હતી.

અંકિતના પરિવારનો આરોપ છે કે નુપુર શર્માનો વીડિયો જોયા બાદ અન્ય ધર્મના યુવકોએ તેના પર હુમલો કર્યો હતો. મુખ્ય હાલ મુખ્ય આરોપી પોલીસની પકડમાંથી બહાર છે. મુખ્ય આરોપીની શોધખોળ ચાલુ છે. નાનપુર ગામમાં રહેતા ઈજાગ્રસ્તના પિતા મનોજ ઝાની ફરિયાદ પર કેસ નોંધવામાં આવ્યો છે. સાથે જ અંકિત ઝાએ આરોપીઓના નામ પણ આપ્યા છે. રાજસ્થાનના ઉદયપુરમાં એક દરજી કન્હૈયા લાલની ૨૮ જૂને બે મુસ્લિમ પુરુષો દ્વારા હત્યા કરવામાં આવી હતી જે કથિત રીતે ભાજપના સસ્પેન્ડેડ પ્રવક્તા નુપુર શર્માની પ્રોફેટ મોહમ્મદ વિશેની વિવાદાસ્પદ ટિપ્પણીને સમર્થન આપવા બદલ હતી. બે આરોપીઓ, જેમની ઓળખ રિયાઝ અખ્તારી અને ગૌસ મોહમ્મદ તરીકે થઈ હતી, કન્હૈયા લાલની દુકાનમાં ગ્રાહક તરીકે ગયા હતા અને તેમાંથી એકે તેના પર છરી વડે હુમલો કર્યો હતો. બાદમાં તેણે આ ઘાતકી હત્યાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો, જે ખૂબ જ વાયરલ થયો હતો. વાયરલ વીડિયોમાં અંકિત ઝાને એમ કહેતા સાંભળી શકાય છે કે, ×અમે મિત્રો સાથે નૂપુર શર્માનું સ્ટેટસ જોઈ રહ્યા હતા, તેથી તેણે પૂછ્યું કે તમે નુપુર શર્માને સપોર્ટ કરો છો.... આ દરમિયાન ઝઘડો થયો અને એક વ્યક્તિએ તેને પાછળથી ચાકુ માર્યું. તે મને વારંવાર કહેતો હતો કે અમે કટ્ટર નૂપુર શર્માના સમર્થક છીએ. આ કેસમાં પોલીસે નાનપુર ગામના ગૌરા ઉર્ફે મોહંમદ નિહાલ, મો. બિલાલ સહિત અન્ય પાંચને આરોપી બનાવવામાં આવ્યા છે. એફઆઈઆર બાદ પીડિતના પરિવારને સતત ધમકીઓ મળી રહી છે.

### ભુપેશ બધેલને સિંહદેવ આમને સામને

## ટી એસ સિંહદેવ નારાજ,પંચાયત અને ગ્રામીણ વિકાસ વિભાગમાંથી રાજીનામુ આપી દીધુ



રાંચી,તા.૧૯

કોંગ્રેસનું સંકટ છે કે ખતમ થવાનું નામ જ લઈ રહ્યું નથી હવે છત્તીસગઢમાં કેબિનેટ મંત્રી ટી એસ સિંહદેવે પંચાયત અને ગ્રામીણ વિકાસ વિભાગમાંથી રાજીનામુ આપી દીધુ છે.ટી એસ સિંહદેવના આ પગલાને છત્તીસગઢમાં અઢી અઢી વર્ષ મુખ્યમંત્રીની ફોર્મ્યુલા લાગુ નહીં કરવાથી જોડવામાં આવી રહ્યું છે.

જો કે ટી એસ સિંહદેવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ,ચિકિત્સા શિક્ષા અને જીએસટી વિભાગનો કાર્યભાર છોડયો નથી આવામાં સિંહદેવના આ પગલું ભુપેશ બધેલની વિરૂધ્ધ બળવો કે પછી દબાણમાં લાવવા ઉઠાવ્યું છે.સિંહદેવે પંચાયત અને ગ્રાણીણ વિકાસ મંત્રાલયમાંથી તે સમયે રાજીનામુ આપ્યું છે જયારે રાજયમાં સવા વર્ષ બાદ વિધાનસભા ચુંટણી થનાર છે.કોંગ્રેસ ૨૦૧૮માં ૧૫ વર્ષ બાદ છત્તીસગઢની સત્તામાં પાછી ફરી હતી પરંતુ ત્યારબાદ સત્તા પર કાબેલ થવાને લઈ સિંહદેવ અને ભુપેશ બધેલ વચ્ચે વર્ચસ્વની લડાઇ શરૂ થઇ હતી કહેવામાં આવે છે કે આવામાં અઢી અઢી વર્ષ મુખ્યમંત્રીની ફોર્મ્યુલા નક્કી થઇ હતી અને બધેલને માથા પર સત્તાનો તાજ પહેરાવવામાં આવ્યો હતો.

માનવામાં આવે છે કે રાજયમાં એક તરફ તો અઢી અઢી વર્ષ મુખ્યમંત્રી પદની ફોર્મ્યુલા લાગુ કરવામાં આવી નહીં અને ઉપરથી ટી એસ સિંહદેવને સતત કિનારે કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો ટી એસ સિંહદેવની વિરૂધ્ધ તેમના જ વિસ્તારમાં બધેલ સમર્થક ધારાસભ્યોએ મોરચો ખોલી રાખ્યો હતો આવામાં સિંહદેવે પંચાયત અને ગ્રામીણ મંત્રાલયથી રાજીનામુ આપી દીધુ છે જો કે મુખ્યમંત્રી ભુપેશ બધેલે કહ્યું કે તેમને હજુ સુધી રાજીનામુ મળ્યું નથી.એ યાદ રહે કે બંન્ને નેતાઓમાં ટકરાવની વચ્ચે રવિવારે સીએમ આવાસ પર કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક થઇ હતી જેમાં સિંહદેવ સામેલ થયા ન હતાં એટલું જ નહીં કોંગ્રેસના ૭૧માંથી ૬૪ ધારાસભ્યો જ સીએલપીની બેઠકમાં સામેલ થયા હતાં.વિધાનસભા પક્ષની બેઠકથી સિંહદેવ સહિત કુલ સાત ધારાસભ્યોએ કિનારો કરી લીધો હતો આવામાં કોંગ્રેસની અંદર ચાલી રહેલ સંગ્રામ પણ બહાર આવી ગયો હતો ભુપેશ બધેલના નેતૃત્વવાળી સરકાર પર સંકટ ભલે જ નજરે પડી રહ્યો ન હોય પરંતુ ટીએસ સિંહદેવની સાથે કોંગ્રેસના અન્ય ધારાસભ્ય પણ જોડાશે તો ખતરો ઉભો થઇ શકે છે.

કૃષિ મંત્રી રવીન્દ્ર ચૌબેએ કહ્યું હતું જે રીતે સિહદેવે મુખ્યમંત્રીને રાજીનામુ લખ્યું છે તેનાથી કોંગ્રેસના મોટાભાગના ધારાસભ્ય હતાશ છે.તેમણે કહ્યું કે જે રીતે સિંહદેવે જે રીતે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે મોટાભાગના ધારાસભ્યોએ તેના પર પ્રશ્નાર્થ ઉભો કરી દીધો છે.તેમણે જે રીતે સરકારના કામકાજની બાબતમાં લખ્યું છે તેમાંથી મોટાભાગના હતાશા અનુભવી રહ્યાં છે.મુખ્યમંત્રીને લખેલ પોતાના ત્યાગપત્રમાં સિંહદેવે દાવો કર્યો હતો કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બેઘર લોકો માટે એક પણ ઘર બનાવવામાં આવ્યા નથી કારણ કે વારંવાર અનુરોધ છતાં નાણાંની ફાળવણી કરવામાં આવી નહીં તેના પરિણામે પ્રદેશના લગભગ આઠ લાખ લોકો માટે આવાસ બનાવી શકાયા નથી.સિંહદેવે પત્રમાં વિવિધ કારણોનો હવાલો આપતા કહ્યું હતું કે તે વર્તમાન પરિદ્રશ્યને જોતા ધોષણાપત્રના દૃષ્ટિકોણ અનુસાર વિભાગોના લક્ષ્યોને પુરા કરવામાં અસમર્થ હતાં આ સાથે તેમણે લખ્યું છે કે તેમણે બે વર્ષ સુધી આદિવાસી વિસ્તારોમાં ચર્ચા વિચારણા કર્યા બાદ પંચાયત એકસટેંશન આ શેડયુલ એરિયા કાનુનના નિયમ બનાવ્યા પરંતુ તેમને વિશ્વાસમાં લીધા વિના તેમાં સુધારા કરી દેવામાં આવ્યા.સિંહદેવના રાજીનામાને કારણે વિરોધ પક્ષ ભાજપને મુદ્દો મળી ગયો છે પૂર્વ મુખ્યમંત્રી રમણસિંહે કહ્યું કે પ્રદેશના તમામ મંત્રીઓની સ્થિતિ એક જેવી જ છે મંત્રીઓને કામ કરવા દેવામાં આવી રહ્યાં નથી સિંહદેવે રાજીનામુ આપ્યું છે બીજા મંત્રી ચુપ છે પરંતુ તેમાં પણ આક્રોશ છે.તેમણે એમ પણ કહ્યું કે એક દિવસ એવો વિસ્ફોટ થશે કે મહારાષ્ટ્ર જેવી સ્થિતિ થઇ જશે

## ગેરકાયદેસર ખનન રોકવા ગયેલા ડીએસપીને માફિયાએ ડમ્પરથી કચડી નાખતા ઘટનાસ્થળે જ મોત

ચંડીગઢ,તા.૧૯

હરિયાણાના મેવાતમાં ખનન માફિયાઓએ એક ડીએસપીની હત્યા કરી નાખી. ડેપ્યુટી એસપી સુરેન્દ્ર સિંહ બિશ્નોઈનું ઘટનાસ્થળે જ મોત નિપજયું. ગેરકાયદેસર ખનન કાર્યવાહી દરમિયાન માફિયાઓએ ડમ્પર ડેપ્યુટી એસપી પર ચડાવી દીધુ. આ ઘટના બાદ ડ્રાઈવર ટ્રક લઈને ફરાર થઈ ગયો.

મળતી માહિતી મુજબ ડેપ્યુટી એસપી સુરેન્દ્ર સિંહ બિશ્નોઈ ખનન માફિયાઓ સામે કાર્યવાહી કરવા માટે ગયા હતા. આ દરમિયાન ડેપ્યુટી એસપી ઉપર ડમ્પર ચડાવી દીધુ અને તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજયું. નૂંહના તવાડુના ડેપ્યુટી એસપી પદ પર સુરેન્દ્ર સિંહ તૈનાત હતા. એવું કહેવાય છે કે સુરેન્દ્ર સિંહે પથ્થર ભરેલા એક ડમ્પરને રોકવાની કોશિશ કરી હતી. ત્યારે જ ડ્રાઈવરે ડમ્પર તેમના પર ચડાવી દીધુ. અત્રે જણાવવાનું કે ડેપ્યુટી એસપી સુરેન્દ્ર સિંહ આ વર્ષે રિટાયર થવાના હતા. પચગાંવના પહાડી વિસ્તારમાં ડેપ્યુટી એસપીનો મૃતદેહ મળ્યો છે.

એવું કહેવાય છે કે ડેપ્યુટી એસપી સુરેન્દ્ર સિંહ બિશ્નોઈને તવાડુના પહાડી વિસ્તારમાં ગેરકાયદેસર ખનની સૂચના મળી હતી અને ત્યારબાદ તેઓ ત્યાં પહોંચ્યા હતા. સવારે ૧૧ વાગે તેમને ખનની જાણકારી મળી હતી. ત્યારબાદ સાડા અગિયાર વાગે તેઓ સ્ટાફ સાથે ત્યાં પહોંચ્યા હતા. જયારે પોલીસ ત્યાં પહોંચી તો તેમને જોઈને ખનન માફિયાઓએ ભાગવાનો પ્રયત્ન કર્યો. આ દરમિયાન ડીએસપીને કચડી નાખ્યા. હરિયાણાના ખનન મંત્રી મૂળચંદ શર્માએ કહ્યું કે દોષિતોને છોડવામાં નહીં આવે. તેમણે કહ્યું કે આ વિસ્તારમાં ખનની મંજૂરી નથી. પોલીસ આરોપીઓની શોધમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. આ ઘટના બાદ ભારે સંખ્યામાં પોલીસફોર્સ ઘટનાસ્થળે પહોંચી છે. નોંધનીય છે કે ડીએસપીની હત્યા બાદ રાજય સરકાર પણ એકશનમાં છે અને દોષિતોને પકડવા માટે કાર્યવાહી તેજ કરાઈ છે

## કોંગ્રેસ તરફથી કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાની અને અમિત માલવીયની વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવાઇ



રાંચી,તા.૧૯

ઝારખંડ કોંગ્રેસના પ્રવકતા રાજીવ રંજન પ્રસાદે કોતવાલી પોલીસ સ્ટેશન રાંચીમાં અમિત માલવીયા,સ્મૃતિ ઈરાની અને પ્રીતિ ગાંધીની વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરાવી છે.તેમણે કહ્યુ કે ત્રણેયે સમજેલ વિચારેલી કાવતરા હેઠળ પોતાના સોશલ નેટવર્કિંગ હેંડલ પર કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા ડો અજયકુમાપના આપેલા નિવેદનને તોડી મરોડીને રજુ કર્યું અને પાર્ટીની તસવીરને ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે.આમ કરી ભાજપે આદિવાસી સમાજનું અપમાન તો કર્યું છે સાથે જ દ્રોપદી મુર્મૂજીનું પણ અપમાન કર્યું છે.

કોંગ્રેસ નેતાએ ભારપૂર્વક કહ્યું કે ભાજપને આદિવાસી સશક્તિકરણ કે ઉત્થાનથી કોઇ લેવાદેવા નથી ફકત ચુંટણી લાભ નુકસાન હેઠળ કોઇ સમાજ અથવા ધર્મને જોડી ધ્રુવીકરણનો ખલ તેની આદત બની ગયો છે.રાજીવ રંજનના જણાવ્યા અનુસાર કોંગ્રેસે હંમેશા જ દલિત હિત વાળી રાજનીતિ કરી છે આદિવાસીઓના ભલા માટે કામ કર્યું છે પરંતુ ભાજપ સરકારે દરેક વખતે સમાજના અધિકારોમાં કાપ કરવાનું કામ કર્યું છે.તેમણે કહ્યું કે ભાજપ સરકાર દરમિયાન આદિવાસીઓની વિરૂધ્ધ અપરાધોમાં વધારો જોવા મળી રહ્યો છે અદાલતોમાં ઓછામાં ઓછા ૧૦,૩૦૨ મામલા લંબિત છે અને ૮૨૭૨ મામલા નોંધાયા છે આમ તો જે નિવેદનના કારણે આ એફઆઈઆર નોંધાવાઇ છે તે કોંગ્રેસ નેતા અજયકુમારે કેટલાક દિવસ પહેલા આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે દ્રોપદી મૂર્મૂ એક સભ્ય વ્યક્તિ છે પરંતુ તે ભારતના એક ખુબ જ ખરાબ પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે દેશમાં રામનાથ કોવિંદ રાષ્ટ્રપતિ છે હાથરસ જેવી ઘટનાઓ થઇ શું તેમણે એક શબ્દ પણ કહ્યું.અનુસૂચિત જાતિઓની સ્થિતિ વધુ ખરાબ થઇ ગઇ છે.આ નિવેદન પર ભાજપે વાંધો નોંધાવ્યો હતો અને કોંગ્રેસે સ્મૃતિ ઈરાનીની વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી દીધી.

### સાંસદ સંજય સિંહનો મોદી સરકાર પર ગંભીર આરોપ,

## ભારતના ઇતિહાસમાં પહેલીવાર 'સેના ભર્તી'માં જાતિ પૂછવામાં આવી રહી છે

નવીદિલ્હી,તા.૧૯

આમ આદમી પાર્ટીના નેતા અને સાંસદ સંજય સિંહે કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે એક સ્ક્રિનશોટ શેર કરી દાવો કર્યો છે કે ભારતના ઈતિહાસમાં પહેલીવાર 'સેના ભર્તી'માં જાતિ પૂછવામાં આવી રહી છે. આપના નેતાએ ટ્વિટ કર્યું કે- 'મોદી સરકારનો ગંદો ચહેરો હવે દેશની સામે આવી ગયો છે. શું મોદીજી દલિતો/પછાત, આદિવાસીઓને સેના ભર્તી માટે સક્ષમ નથી માનતા? ભારતના ઈતિહાસમાં પહેલીવાર 'સેના ભર્તી' માટે જાતિ પૂછવામાં આવી રહી છે. મોદીજી તમારે અગ્નિવીર બનાવવું છે કે જાતિવીર.'સંજય સિંહના આરોપ પર ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા નલિન કોહલીએ કહ્યું કે વિપક્ષોને મોદી વિરોધની આદત પડી ગઈ છે. તેમણે કહ્યું કે મોદી વિરોધમાં મોડેલ પર ક્યાં સુધી ચાલશો. મ્ત્ર્ઁ પ્રવક્તાએ કહ્યું કે- કેટલાક નેતાઓના ટ્વિટ પરથી ખબર પડે છે કે તેઓ પણ છે. 'આપ'નું મોડ્યુલ જ અવાજ ઉઠાવવાનું છે. તેઓ કામ કરવાના વચન પર ચૂંટાય છે પણ કામ કરતા નથી.નોંધનીય છે કે જૂન મહિનામાં ભારતીય સશસ્ત્ર દળો સાથે સંબંધિત અગ્નિપથ યોજના લાવવામાં આવી હતી. આ એવી યોજના છે જેમાં પસંદગી પામેલ ઉમેદવારોને ચાર વર્ષ સુધી અગ્નિવીર તરીકે ઓખાવવામાં આવશે.

### કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં શિક્ષકોનાં ૬,૫૪૯ પદ ખાલી, ૪,૮૦૦ પર એક વર્ષથી ભરતી નથી થઈ

નવીદિલ્હી,તા.૧૯

દેશની કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં શિક્ષકોનાં ૬,૫૪૯ પદ ખાલી પડ્યાં છે. આ યુનિવર્સિટીઓમાં ૩,૯૦૪ શિક્ષકો એવા છે જે કરાર આધારિત કે ગેસ્ટ ફેકલ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. તેમાં ફરી નિયુક્ત કરાયેલા શિક્ષકો પણ સામેલ છે. સંસદમાં એક જવાબમાં સરકારે આ માહિતી આપી હતી. શિક્ષણ મંત્રાલયે તેના પ્રશ્નના જવાબમાં એમ પણ કહ્યું કે મિશન મોડમાં ભરતી માટે ઓગસ્ટ ૨૦૨૧થી ૪,૮૦૭ પદો માટે જાહેરાતો અપાઈ છે જેની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે ૨ ફેબ્રુઆરીએ શિક્ષણ મંત્રાલયે રાજયસભામાં જણાવ્યું હતું કે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં શિક્ષકોનાં ૧૮,૯૦૫ પદ સ્વીકૃત હતાં અને ખાલી પદોની સંખ્યા ૬,૩૩૩ હતી. તેની સાથે પાંચ મહિનામાં ખાલી પદોની સંખ્યા ૬,૩૩૩થી વધીને ૬,૫૪૯ થઈ ગઈ અને તેની સાથે સ્વીકૃત પદ ૧૮,૯૦૫થી વધીને ૧૯,૧૨૧ થઈ ગયાં છે.દેશમાં સૌથી વધુ ૧૫૦૪ હોદ્દા દિલ્હીની યુનિવર્સિટીઓમાં ખાલી છે. ત્યાર પછી મધ્ય પ્રદેશની યુનિવર્સિટીઓ ૩૧૪ હોદ્દા સાથે બીજા ક્રમે છે.

## તંત્રી સ્થાનેથી...

# ગૌરવશાળી ઉપલબ્ધિ

માત્ર દોઢ વર્ષમાં કોરોના પ્રતિરોધી રસીના બસો કરોડ ડોઝ આપવા એક એવી ઉપલબ્ધિ છે જેના પર ગર્વ પણ કરવો જોઈએ અને એક એવું વાતાવરણ પણ તૈયાર કરવું જોઈએ જેનાથી રસીકરણની ગતિ વધુ ઝડપ પકડે. તેની જરૂરિયાત એટલા માટે છે, કારણ કે દોઢ સો કરોડથી લઈને બસો કરોડ સુધી રસી લાગવામાં અપેક્ષા કરતાં ક્યાંય વધારે સમય લાગ્યો. રસીકરણ અભિયાનને ગતિ આપવાની જરૂરિયાત એટલા માટે પણ છે, કારણ કે બૂસ્ટર ડોઝ રૂપે રસીનો ત્રીજો ડોઝ એ ગતિથી નથી લાગી રહ્યો, જેવી અપેક્ષિત છે. સંભવતઃ એને જ ધ્યાનમાં રાખીને ૭૫ દિવસ સુધી રસીનો ત્રીજો ડોઝ મફત લગાવવાનું અભિયાન છેડવામાં આવ્યું છે. વાસ્તવમાં આ જ અભિયાનને કારણે બસો કરોડ રસીના ડોઝ લાગવાનું લ-ય પ્રાપ્ત કરી શકાયું. બધાને આ અભિયાનનો લાભ ઉઠાવવામાં તત્પરતાનો પરિચય આપવો જોઈએ, કારણ કે કોરોના સંક્રમણની ગતિ ધીમી અવશ્ય પડી છે, પરંતુ હજુ એમ ન કહી શકાય કે એના પર સંપૂર્ણ રીતે લગામ લાગી ગઈ છે અને તેને લઈને સતર્કતાનો પરિચય આપવાની કોઈ જરૂર નથી રહી. તેની અવગણના ન કરી શકાય કે હજુ પણ સંક્રમણના લગભગ વીસ હજાર કેસો પ્રતિદિન સામે આવી રહ્યા છે. તે ઉપરાંત કેટલાક લોકો પોતાનો જીવ પણ ગુમાવી રહ્યા છે.

એ સત્ય છે કે કોવિડ મહામારીનો ભય સમાપ્ત થઈ ગયો છે અને તેનું સંક્રમણ ગંભીર રૂપ લેવાની આશંકા ખતમ થઈ ગઈ છે, પરંતુ તેનો અંદેશો ઊભો જ છે કે દેશના કેટલાક હિસ્સામાં સંક્રમણ નવેસરથી માથું ઊંચકી શકે છે. કોવિડ મહામારી પર સંપૂર્ણ રીતે નિયંત્રણ મેળવવા માટે એ અનિવાર્ય છે કે લોકો ન માત્ર રસીની ત્રીજો ડોઝ લગાવવા પ્રત્યે ઉત્સાહિત થાય, બલ્કે એ લોકોને તેના માટે પ્રેરિત પણ કરે જેમણે હજુ સુધી રસીનો પહેલો ડોઝ નથી લીધો અથવા બીજો ડોઝ સમય પર નથી લીધો. એ તથ્યની અવગણના ન કરી શકાય કે હજુ લગભગ દસ ટકા આબાદીનું પૂર્ણ રસીકરણ નથી થયું. એ જ રીતે એ પણ એક તથ્ય છે કે અત્યાર સુધી લગભગ સાડા પાંચ કરોડ લોકોએ જ રસીનો ત્રીજો ડોઝ લીધો છે. એ જ બાળકો અને કિશોરોમાં રસીકરણની ગતિ અપેક્ષા કરતાં ઓછી છે. ભારતનું રસીકરણ અભિયાન ફક્ત દેશની વધતી ક્ષમતાનું પરિચાયક જ નહીં, બલ્કે આત્મનિર્ભરતાનો પર્યાય પણ છે. આ સફળ અભિયાને દેશ-વિદેશના એ લોકો અને સ્વાસ્થ્ય ક્ષેત્રના કથિત વિશેષજ્ઞોને ખોટા સાબિત કર્યા છે જે એ રેખાંકિત કરવામાં લાગ્યા હતા કે ભારતે પોતાની આબાદીનું રસીકરણ કરવામાં વર્ષો લાગી જશે.

# રાષ્ટ્રપતિની ચુંટણીમાં સની દેઓલ સહિત ૮ સાંસદ ઈચ્છા હોવા છતા મત ન આપી શક્યા

**ફુલ ૪૮૦૯ મતમાંથી ૪૭૯૬ મત પડ્યા. એટલે કે ૧૩ સભ્યોએ મતદાન કર્યુ નથી.**



**પંજાબના ગુરદાસપુરથી ભાજપના સાંસદ સની દેઓલ સારવાર માટે વિદેશમાં છે. આ કારણસર તેઓ મતદાન માટે સંસદ ભવન પહોંચી શક્યા નહીં. જ્યારે કેન્દ્રીય મંત્રી સંજય ધોત્રેની પણ તબિયત ઠીક નથી અને તેઓ આઈસીયુમાં દાખલ છે**

નવીદિલ્હી,તા.૧૯

દેશભરના સાંસદો અને ધારાસભ્યોએ ભારતના ૧૫માં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે સોમવારે મતદાન કર્યું. સાંસદો અને ધારાસભ્યોએ સત્તાધારી ગઠબંધન એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂ અને વિપક્ષી દળોના ઉમેદવાર યશવંત સિન્હામાંથી કોઈ એક માટે મતદાન કર્યું. જો કે આ દરમિયાન કેટલાક ધારાસભ્યો અને સાંસદો ગેરહાજર પણ રહ્યા. જેમાં ભારતીય જનતા પાર્ટી સાંસદ અને ફિલ્મ અભિનેતા સની દેઓલ અને કેન્દ્રીય મંત્રી સંજય ધોત્રે પણ એવા લોકોમાં સામેલ છે જેમણે રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મતદાન કર્યું નથી.

પંજાબના ગુરદાસપુરથી ભાજપના સાંસદ સની દેઓલ સારવાર માટે વિદેશમાં છે. આ કારણસર તેઓ મતદાન માટે સંસદ ભવન પહોંચી શક્યા નહીં. જ્યારે કેન્દ્રીય મંત્રી સંજય ધોત્રેની પણ તબિયત ઠીક નથી અને તેઓ આઈસીયુમાં દાખલ છે.

ચૂંટણી પંચના જણાવ્યાં મુજબ કુલ ૪૮૦૯ મતમાંથી ૪૭૯૬ મત પડ્યા. એટલે કે ૧૩ સભ્યોએ મતદાન કર્યું નથી. લગભગ ૯૯ ટકા જેટલું મતદાન થયું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અન્ય મંત્રીઓ તથા સાંસદોએ સંસદ ભવનમાં મતદાન કર્યું હતું. કુલ ૮ સાંસદોએ મતદાન ન કર્યું. જેમાં ભાજપ અને શિવસેનાના ૨-૨ સાંસદ, અને બહુજન સમાજ પાર્ટી, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, એઆઈએમઆઈએમના એક-એક સાંસદે સોમવારે રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મતદાન ન કર્યું. કેટલાક ધારાસભ્યોએ પણ મતદાન કર્યું નહીં. જેમાં હરિયાણાના જેજેપીના એમએલએ નૈના સિંહ ચૌટાલા કે જેઓ વિદેશમાં છે, રાજકુમાર રાઉત (ભારતીય ટ્રાઈબલ પાર્ટી, રાજસ્થાન), ભંવરલાલ શર્મા (કોંગ્રેસ, રાજસ્થાન), સત્યેન્દ્ર જૈન (આપ, જેલમાં) અને હાજી યુનુસ (આપ, દિલ્હી) સામેલ છે.

ચૂંટણી પંચે કહ્યું કે છત્તીસગઢ, ગોવા, ગુજરાત, હિમાચલ પ્રદેશ, કેરળ, કર્ણાટક, એમપી, મણિપુર, સિક્કિમ, તમિલનાડુ અને પુડુચેરીમાં ૧૦૦ ટકા મતદાન થયું. ચૂંટણી પત્યા પછી રાજ્યસભાના મહાસચિવ પીસી મોદીએ કહ્યું કે સંસદ ભવનમાં કુલ ૯૯.૧૮ ટકા મતદાન થયું. ૭૩૬ સભ્યો (સંસદના ૭૨૬ અને વિધાનસભાના ૯ સભ્ય) માંથી ૭૩૦ (સંસદના ૭૨૧ અને વિધાનસભાના ૯) સભ્યોએ મતદાન કર્યું.

જેલમાં બંધ બહુજન સમાજ પાર્ટી સાંસદ અતુલ સિંહ મતદાન કરવા જઈ શક્યા નહીં. શિવસેના નેતા ગજાનન કીર્તિકર અને હેમંત ગોડસેએ પણ મતદાન નથી કર્યું. એઆઈએમઆઈએમ નેતા ઈમ્તિયાઝ જલીલ પણ એવા આઠ લોકોમાં સામેલ હતા જેમણે મતદાન કર્યું નથી.

કોરોના સંક્રમિત કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ પીપીઈ કિટ પહેરીને મતદાન કરવા પહોંચ્યા હતા.

કોરોના સંક્રમિત હોવા છતાં તેઓ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે મતદાન કરવા પહોંચ્યા. આ ઉપરાંત તેમના કેબિનેટ સહયોગી આર કે સિંહે પણ મતદાન દરમિયાન પીપીઈ કિટનો ઉપયોગ કર્યો.

અત્રે જણાવવાનું કે રાષ્ટ્રપતિ પદ માટે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂ અને વિપક્ષના નેતા યશવંત સિન્હા વચ્ચે મુકાબલો હતો. દ્રૌપદી મુર્મૂના જીતવાના ચાન્સ વધુ છે. ૨૧ જુલાઈએ ચૂંટણીના પરિણામ આવશે.

## લાલુ પ્રસાદ યાદવની તબિયતમાં સુધારો થતાં આગામી ૨-૩ દિવસમાં એમ્સમાંથી રજા અપાશે



બિહાર,

બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવની તબિયતમાં ઘણો સુધારો જણાવવામાં આવી રહ્યો છે. તેમને રજા આપવામાં આવશે. આગામી ૨-૩ દિવસમાં તેમને એમ્સમાંથી રજા આપવામાં આવી શકે છે. તેના પગમાં ઈજા થઈ હતી, છતાં તે ચાલી શકે છે. તેને ૨-૩ દિવસમાં અને સારી ગતિશીલતા પર રજા આપવામાં આવશે. તેના ખભામાં ફ્રેક્ચર છે, જેને સાજા થવામાં ૪-૬ અઠવાડિયા લાગશે. છેલ્લા કેટલાક સમયથી ક્રિએટિનાઇનનું સ્તર સારું છે. ડાયાલિસિસ જેવી કોઈ સ્થિતિ નથી, તેથી અત્યારે ટ્રાન્સપ્લાન્ટની જરૂર નથી.આ પહેલા લાલુ પ્રસાદ યાદવને ક્રિટિકલ કેર યુનિટમાંથી રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. એમ્સના કાર્ડિયો ન્યુરો સેન્ટરમાં તેમની સારવાર ચાલી રહી છે. તેમની તબિયતમાં સતત સુધારો થઈ રહ્યો છે. ત્રણ દિવસ પહેલા તેનો ઓક્સિજન સપોર્ટ પણ હટાવી દેવામાં આવ્યો હતો અને તે ટેકો લઈને ચાલી શકતો હતો. જણાવી દઈએ કે લાલુ યાદવને ૬ જુલાઈની સાંજે પટનાથી એર એમ્બ્યુલન્સ દ્વારા દિલ્હી એમ્સમાં લાવવામાં આવ્યા હતા.પટનામાં રાબડી નિવાસસ્થાને સીડી પરથી પડી જતાં તેને ગંભીર ઈજા થઈ હતી. આવી સ્થિતિમાં તેમને તાત્કાલિક પટનાની પારસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ લાંબા સમયથી કિડની અને હૃદયની બીમારીથી પીડિત હતા. આગામી સમયમાં છૈંસ્જીના ડોક્ટરના સૂચન બાદ તેને સારવાર માટે સિંગાપોર જવું પડશે.જણાવી દઈએ કે, શુક્રવારે લાલુ યાદવની મોટી દીકરી મીસા ભારતીએ કહ્યું હતું કે હવે લાલુ યાદવ પથારીમાંથી ઉઠવામાં સક્ષમ છે. તે જ સમયે, ટેકો સાથે, તે ઊભા રહેવા માટે પણ સક્ષમ છે. માહિતી આપવાની સાથે મીસાએ લાલુની તસવીર શેર કરી હતી અને લોકોને અપીલ કરી હતી કે તેઓ કોઈપણ પ્રકારના ભ્રામક સમાચારોથી દૂર રહે અને આરજેડી સુપ્રીમો માટે પ્રાર્થના કરે.

## કેરળનામાં નીટની પરીક્ષા આપવા ગયેલી વિદ્યાર્થીનીઓના અંડરગાર્મેન્ટ્સ કઢાવ્યા

કોલ્લમ,તા.૧૯

કેરળના કોલ્લમ જિલ્લામાં મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ આપવા પહોંચેલી વિદ્યાર્થનીએના અંડરગાર્મેન્ટ્સ ઉતરાવવાનો મામલો હવે તૂલ પકડી રહ્યો છે. આ મામલે કેરળ પોલીસે કેસ દાખલ કરીને તપાસ શરૂ કરી છે. એવું કહેવાય છે કે પરીક્ષા આપવા પહોંચેલી વિદ્યાર્થનીઓના ચેકિંગ દરમિયાન બ્રામાં લાગેલા હૂકના કારણે મેટલ ડિટેક્ટરની બીપ વાગતી હતી. ત્યારબાદ અંડરગારમેન્ટ્સ ઉતરાઈ લેવાયા હતા.

પરીક્ષા આપવા ગયેલી એક વિદ્યાર્થીનીના પિતાએ આ મામલે પોલીસમાં ફરિયાદ કરી હતી. ત્યારબાદ આ મામલો સામે આવ્યો. છોકરીના પિતાએ મીડિયાકર્મીઓને જણાવ્યું હતું કે તેમની પુત્રી નીટ પરીક્ષામાં બેઠી હતી અને તે હજુ સુધી આ આઘાતમાંથી બહાર આવી નથી. પીડિતાના પિતાએ કહ્યું કે પુત્રીએ પરીક્ષા માટે ત્રણ કલાકથી વધુ સમય સુધી આંતરવસ્ત્રો વગર બેસવું પડ્યું હતું. એક ઈન્ટરવ્યુંમાં તેમણે કહ્યું કે દીકરીએ નીટ બુલેટિમાં ઉલ્લેખ ડ્રેસ કોડ મુજબ જ કપડાં પહેર્યા હતા. આમ છતાં મેનેજમેન્ટે આ ગેરવર્તણૂંક કરી. આ મામલે પોલીસે જણાવ્યું છે કે જિલ્લાના અયૂરમાં રવિવારે એક ખાનગી શિક્ષણ સંસ્થાનમાં નીટ પરીક્ષાનું આયોજન કરાયું હતું. અહીં પરીક્ષા દરમિયાન કથિત રીતે છોકરીઓએ અપમાન સહન કરવું પડ્યું.

વિદ્યાર્થીનીઓનો આરોપ હતો કે જ્યારે તેઓ પરીક્ષા આપીને બહાર નીકળી ત્યારે તેમણે જોયું કે બધાના અંડરગોરમેન્ટ્સ એક જ ડબ્બામાં રાખ્યા હતા. આ ઘટના બાદ તેમણે ખુબ અપમાન મહેસૂસ કર્યું. જો કે માર્થોમા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીએ આ ઘટનાનો ઈક્રાર કર્યો છે. હાલ પોલીસ મામલાની તપાસ કરી રહી છે.

પરીક્ષાના નિયમ મુજબ એક્ઝામ હોલમાં કોઈ પણ વિદ્યાર્થી-વિદ્યાર્થીની કોઈ પણ પ્રકારના ધાતુની વસ્તુ કે સામાન પહેરી શકે નહીં. તેની પાછળનો મુખ્ય હેતુ પરીક્ષામાં કોઈ પણ પ્રકારનું ફ્રોડ રોકવાનો છે. એડવાઈઝરમાં બેલ્ટનો ઉલ્લેખ છે પરંતુ અંડરગારમેન્ટ્સ જેવી વસ્તુઓનો ઉલ્લેખ નથી. આ મામલે કેરળના ઉચ્ચ શિક્ષણ મંત્રી આર. બિન્દુએ સોમવારે કહ્યું હતુ કે પરીક્ષા કોઈ સરકારી એજન્સીએ નથી કરાવી. જે થયું તે મોટી ચૂક છે. આવી ઘટનાઓ સહન નહીં કરવામાં આવે. અમે એક્ઝામ સેન્ટર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સીને ફરિયાદ કરીશું. એનટીએ શૈક્ષણિક સંસ્થાઓ માટે પ્રવેશ પરીક્ષા યોજે છે.

આ બાજુ મહિલા અધિકારીઓની એક ટીમે છોકરીના નિવેદન બાદ કેસ દાખલ કર્યો. તેમણે કહ્યું કે કેસની તપાસ શરૂ કરી દેવાઈ છે.

કથિત રીતે આ કૃત્યમાં સામેલ લોકોની જલદી ધરપકડ કરાશે. પોલીસના જણાવ્યાં મુજબ અપમાનનો અનુભવ કરનારી એક છોકરીની ફરિયાદ પર આઈપીસીની કલમ ૩૫૪ અને ૫૦૯ હેઠળ મામલો નોંધી લેવાયો છે.

## મંકીપોક્સ વાયરસ, ઘાનામાં ૨ કેસ મળ્યા અને બંને દર્દીના મોત

ધાના,તા.૧૯

એક બાજુ જ્યાં કોરોનાનું જોખમ પૂરેપૂરું ગયું નથી અને બીજો મંકીપોક્સ વાયરસ આવી ગયો છે ત્યાં વળી પાછા એક નવા વાયરસનું જોખમ તોળાઈ રહ્યું છે. રિપોર્ટ મુજબ ઘાનાએ અધિકૃત રીતે મારબર્ગ વાયરસના બે કેસની પુષ્ટિ કરી છે. જે ઈબોલાની જેમ વધુ ચેપી છે. વિશ્વ આરોગ્ય સંગઠને પણ એક નિવેદનમાં કહ્યું કે ઘાનાએ ખુબ ચેકી મારબર્ગ વાયરસ રોગના પોતાના પ્રથમ બે કેસની પુષ્ટિ કરી છે. રિપોર્ટ મુજબ ઘાનાના દક્ષિણ અશાંત વિસ્તારના બે અલગ અલગ રોગીઓમાં આ વાયરસની પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ બંનેનું મોત થયું. ડબ્લ્યુએચઓએ કહ્યું કે આ બંને દર્દીઓમાં ઝાડા, તાવ, ઉલ્ટીના લક્ષણ જોવા મળ્યા હતા. ડબ્લ્યુએચઓનું માનીએ તો આ બંનેના સંપર્કમાં લગભગ ૯૦ લોકો આવ્યા હતા જેમની નિગરાણી થઈ રહી છે. મારબર્ગ વાયરસ રોગ એક વાયરલ બીમારી છે જે રક્તસ્રાવી તાવનું કારણ બને છે. જેમાં મોતનો રેશિયો ૮૮ ટકા હોય છે. ઈબોલા વાયરસ જે પરિવાર સાથે સંબંધ ધરાવે છે આ વાયરસ પણ તે જ પરિવારમાંથી આવે છે. તેમાં અચાનક અસ્વસ્થતા અનુભવાય છે અને પછી ખુબ તાવ, માથાનો દુઃખાવો અને અસ્વસ્થતા સાથે બીમારીની શરૂઆત થઈ જાય છે. ડબ્લ્યુએચઓએ જણાવ્યું કે આ વાયરસ ફળોથી મનુષ્યોમાં ફેલાય છે અને પછી આ તરલ પદાર્થોથી દુષિત જગ્યાઓ અને સંક્રમિત લોકોના સીધા સંપર્કમાં આવવાથી એકબીજામાં પ્રસરે છે.

ડબ્લ્યુએચઓએ કહ્યું કે તેના રોકથામ માટે ઉપાય થઈ રહયા છે અને ઘાનામાં તેના પ્રકોપને રોકવા માટે વધુ સંસાધનો તૈનાત કરાશે.

## સત્ય ની આંખે (ભાગ- ૨૦)

### આજના શિક્ષણની કડવી વાસ્તવિકતા




આજના શિક્ષણે બાળકોનું બાળપણ છીનવી લીધું છે એ વાત દુઃખદ છે.સાચા અર્થમાં જોઈએ તો અત્યારે આપણે બાળકોને ભણાવતા નથી માત્ર ડિગ્રીઓ અપાવીએ છીએ.હાલના અભ્યાસક્રમમાં ઘણું બધું તો એવું છે કે જો કદાચ એ પાઠપુસ્તકમાં મુકવામાં ન પણ આવે તોયે બાળકના વિકાસને આંચ આવે એમ નથી.

હાલમાં જરૂર છે ,"ટૂંકમાં બાળકોને જે વિષયોમાં રસ હોય એ વિષયો પર વધુ ધ્યાન આપતું શિક્ષણ એટ્લે વર્તમાન શિક્ષણ"..!!

વર્તમાન શિક્ષણ એટ્લે જેને જેવુ જોઈએ છે અથવા તો જેને જેમાં રુચિ છે,રસ છે તેને તેવું શિક્ષણ આપવું.. મુક્ત મને બાળકને ખીલવાનો મોકો આપીશું તો એ સફળતાનાં સર્વોચ્ચ શિખરો સર કરી શકશે.."ટોકવા" કરતા "ટેકો" આપવાની વધુ જરૂર હોઈ છે.તમે બાળકોને સમજશો તો બાળક ચોક્કસ તમને સમજશે..અને હળવા વાતવરણમાં બાળક સારું પરફોર્મ કરી શકતું હોય છે.

આજનું "શિક્ષણ" જાણે બાળકોની "ક્ષણે ક્ષણ" છીનવવા આતુર હોઈ તેવું લાગે છે. જે દેશના બાળકોને "માસ પ્રમોશન" આપવાથી અને "પરીક્ષાઓ" કેન્સલ થવાથી ખુશી થતી હોઈ અને "પબજી" જેવી ગેઈમ્સ બંધ થવાથી દુઃખ થતું હોઈ તે દેશનું ભવિષ્ય અંધકાર તરફ છે.

અત્યાર નું શિક્ષણ માત્ર ડીગ્રી ફ્રેમ કરી દીવાલ પર લટકાવવા પૂરતું જ સીમિત છેપ. એ સાચી વાસ્તવિકતા છેપ..

મીનાક્ષી રાવલ
ગાંધીનગર

### બિહારમાં બહાર છે,શિક્ષકોની કમી અને ઉંદરની ભરમાર છે : તેજ પ્રતાપ

પટણા,તા.૧૯

બિહાર શિત્રકોની ભઊારે કમીથી ઝઝુમી રહ્યું છે.જેની અસર બિહારની શિક્ષણ પધ્ધતિ પર પડી રહી છે તેને લઇ રાજદના વડા લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર અને પૂર્વ આરોગ્ય મંત્રી તેજ પ્રતાપ યાદવે નીતીશકુમાર પર નિશાન સાધ્યું છે.તેજપ્રતાપે ટ્વીટ કરી લખ્યું છે કે બિહારમાં બહાર છે,અહીં શિક્ષકોની કમી અને ઉદરોની ભરમાર છે.આ તે સુશાસનની સરકાર છે જ્યાં હતાશ અભ્યર્થી અને બેરહમ સરકાર છે. તેજ પ્રતાપના ટ્વીટ બાદ યુઝર્સે પણ પોતાની પ્રતિક્રિયા વ્યકત કરી છે.અંકિત પ્રતાપે ટ્વીટ કર્યું કે આ તો ગત ૫૦ વર્ષથી છે આજે કંઇ નવી વાત છે.સૂર્યકાંત નામના એક યુઝરે લખ્યુંઆશ્વાસન નહીં નિયુક્તિ જોઇએ માનસિક પીડાથી મુક્તિ જોઇએ.બિહાર લોક સેવા આયોદની ૬૭મી સંયુકત પ્રતિયોગિતા પરીક્ષામાં પેપર લીક થવા પર રાજદના ધારાસભ્ય તેજ પ્રતાપ યાદવે ટ્વીટ કરી સરકાર પર પ્રહારો કર્યા હતાં તેમણે ટ્વીટ કરતા લખ્યું કે નિષ્ફળતાની પરાકાષ્ઠા પાર કરી ચુકેલ આ કુશાસનને જરા પણ શર્મ પણ આવતી નથી બીપીએસસી જેવી પ્રતિષ્ઠિત પરીક્ષાને પણ આરસીપી ટેક્સને હવાલે વેચી દેવામાં આવી આથી બિહાર શર્મસાર થયું છે જાત પાત ખુરશીની લાલચ અને પાર્ટી ફંડના ચકકરમાં બેરોજગાર યુવાનોના ભવિષ્યથી ખિલવાડ બંધ કરવું જોઇએ .

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયા ૧૬ હજારથી વધુ કેસો

નવીદિલ્હી,તા.૧૮

દેશમાં કોરોનાના નવા ૧૬,૯૩૫ કેસ નોંધવામાં આવ્યા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૪,૩૭,૬૭,૫૩૪ થઇ ગઇ છે. બીજી તરફ ૧૬૧ દિવસ પછી પ્રથમ વખત દૈનિક પોઝિટીવ રેટ ૬ ટકાથી વધારે નોંધવામાં આવ્યું છે તેમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે. બીજી તરફ દેશમાં એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૧,૪૪,૨૬૪ થઇ ગઇ છે. વધુ ૫૧ લોકોનાં મોત થતાં કોરોનાનો કુલ મૃત્યુઆંક વધીને ૫,૨૫,૭૬૦ થઇ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસોમાં ૮૧૫નો વધારો થયો હતો.આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર દૈનિક પોઝિટીવ રેટ ૬.૪૮ ટકા અને સાપ્તાહિક પોઝિટીવ રેટ ૪.૫૮ ટકા નોંધવામાં આવ્યો છે.

## રાજુ રદી ડાળે વળગતો નથી તેમાં પણ વિદેશી હાથ છે?

" ગિરધરભાઇ. સાવ આવું કાંઇ હોય??" રાજુએ જેમ રસ્તા પર ચાલતી કાર નવજાત ભૂવામાં પલક ઝપકતાં ગરકાવ થાય તેમ આશ્ચર્યમાં ગરકાવ થઇ જઇને પૂછયું.

" રાજુ.નેપોલિયનને યાદ કર. નેપોલિયને શું કહ્યું છે" મેં રાજુને સવાલ કર્યો.

" ગિરધરભાઇ. નેપોલિયન કહ્યું છે કે નથીંગ ઇઝ ઇમ્પોસિબલ ઇન ધી વર્લ્ડ !!"

રાજુએ રેપિડેક્સ ઇંગ્લિશની બુકમાંથી આટલું જ કંઠસ્થ કરેલું. જે ખચકાયા-અચકાયા વિના સડસડાટ બોલી ગયો. ઇંગ્લિશ કડકડાટ સડસડાટ આમ બોલાય, બોસ!!રાજુએ એક સમાચારનું કટિંગ બતાવ્યું.

"રાજુ. આમાં કંઇ નવી વાત છે. આ તો આગુસે ચલી આતી હૈ!" મેં બાવા હિન્દીમાં પ્રતિભાવ આપ્યો.

ગિરધરભાઇ. છોલ છોલ ના કરો. સાવ આવું થોડું હોય?" રાજુના માન્યામાં આવતું ન હોય તેમ નકારમાં માથું ધુમાવ્યું.

"જો રાજુ આ દેશ પર પહેલીથી વિદેશી તાકાત હાવી રહી છે. આપણે આર્યો પણ વિદેશી તાકાત હતા. ઓરિજનલી દ્રવિડ કે અનાર્ય મૂળ નિવાસી હતા. આર્યો પછી શક, હૂણ,ડચ,વલંદા, ફિરંગી, પોર્ટુગીઝો, અંગ્રેજો, પારસી,અફઘાની,લોદી, ગઝનવી, મોગલોએ આક્રમણ કર્યું. આપણે પરાસ્ત થયા. પછી બધાને દૂધમાં સાકર કે ખાંડની જેમ અથવા પાણીમાં નમક કે મીઠું ભળે તેમ ભળી ગયા!! " મેં રાજુને વિદેશી તાકાત વિશે માહિતગાર કર્યો.

" ગિરધરભાઇ.રાજા દશરથ ગાંધાર નરેશની રાજકુમારી કૈકેયીને પરણ્યા હતા.તેની સાથે દાયજામાં મંથરા આવી હતી. જે રામ ભગવાનને રાજ્યાભિષેકથી વંચિત રાખ્યા અને ચૌદ વરસના વનવાસ માટે કારણભૂત બની!!રાજા ધૃતરાષ્ટ્ર પણ ગાંધારીને પરણ્યા હતા, જે વિદેશી તાકાત હતી. જેના સાથે આવેલા શકુનિના કપટથી પાંડવો ધુતમાં રાજપાટ, ધનદૌલત, ઘરેણાગાઠા અને દ્રોપદ્રીને હાર્યા હતા, જે મહાભારતના યુધ્ધનું કારણ બનેલા.શીખ સંપ્રદાયના સ્થાપક ગુરૂ નાનકડી પણ વિદેશી તાકાત હતા જેણે કચ્છો, કિરપાણ, કડું, કંગી,કેશની ભેટ આપી. જગતને અહિંસા અને કરૂણાનો સંદેશ આપનાર ભગવાન બુધ્ધ પણ વિદેશી તાકાત હતા.માર્ગર્શક મંડળમાં સમાવિષ્ટ અને કાયમી પીએમ ઇન વેઇટિંગ એલ.કે.અડવાણી પણ વિદેશી તાકાત હતા!!" રાજુએ ઐતિહાસિક વિગતોનો દાબડો ખીલ્યો!!" રાજુ. કોઇ પણ ઘટનાની જવાબદારી ખંખેરી નાંખવા માટે આ ઘટના પાછળ વિદેશી હાથ છે એમ કહી સવા મણ રૂની ( નવી પેઢીને મણના માપમાં ખબર પડશે નહીં. એમના માટે સવામણ= ૨૫ કિલો ગ્રામ!)તળાઇમાં સૂઇ જવાનું .કોઇ દેશી દારું પીને ગટરમાં ગબડી પડે તેમાં પણ વિદેશી હાથ હોય. ચોમાસામાં રોડ પર ભૂવા પડે તો પણ વિદેશી હાથ હોય.,છોકરો-છોકરી લો ગાર્ડોમાં ઇલુ ઇલુ કરે તેમને પણ વિદેશી હાથ હોય!!!કોઇને પેટમાં દુખે, ટ્રેઇન મોડી પડે, સાઇકલમાં પંકચર પડે, કોઇ અભિનેતાની રીલીઝ થયેલી ફિલ્મ પીટાઇ જાય,કોઇ ગામમાં પ્રાયમસની ઝાળ લાગવાથી પરિણીતાનું અવસાન થાય, પગથિયા ઉતરતા એક પગથિયું ચૂકી જાવ અને ગબડી પડો, કોઇને હાર્ટએટેક આવે તો આવી તમામ ઘટના પાછળ માત્ર અને માત્ર વિદેશી હાથ હોય, આજકાલ સ્વદેશી હાથ કયાં કોઇ કામના છે??"મેં રાજુને લાંબુલચ ભાષણ આપ્યું."ગિરધરભાઇ. મહિના પહેલાં પાકિસ્તાનના રણની ગરમીના કારણે ભારતમાં વરસાદમાંવિલંબ થયેલો. આમ, તો આજુબાજુના દેશો આર્થિક પાયમાલીના કગાર પર છે. તેમને એક સાંધો અને તેર તૂટે છે. એ એમની સમસ્યામાંથી નવરા પડે તો તેમના હાથ કે પગ આપણને અસ્થિર કરવા વાપરી શકે ને???"રાજુએ પડોશી દેશોની બેહાલી જણાવી." રાજુ દક્ષિણના સંશોધકે મોટી શોધ કરી નાંખી. તેમના મતે ઉત્તરાખંડ, કાશ્મીર અને તેલંગાણામાં વાદળો ફાટવા પાછળ વિદેશી હાથ કે તાકાત છે.રાજુ એમની વાતમાં તથ્ય છે. કેમ કે તેલંગાણા તો પાક્સ્તાન સરહદે વાઘા બોર્ડર પાસે છે!! વાદળોમાં સુતળી બોમ્બ ફોડે એટલે વાદળો ફાટે જ!!!" મેં નવી શોધ રાજુને જણાવી .

આજકાલ મારી ટયુબલાઇટ ડીમ ચાલે છે. ચોક કે સ્ટાર્ટરની તકલીફ લાગે છે. રાજુ રદી અને તેનો પરિવાર રાજુને ડાળે વળગાડવા મથે છે.પરંતુ, ક્યાંય મેળ પડતો નથી. મને આમાં પણ વિદેશી હાથ જ લાગે છે!!તમને શું લાગે છે???

ભરત વૈષ્ણવ

### મન

**મન સાલ્લું માંકડું છે?**
**મન સૂકું લાકડું છે?**
**ખુશીના મોકે કે ચોકે,**
**પર રહે અવળચંડું!**
**કશે પણ ઝૂકતું નથી,**
**મડા જેવું અકડું છે!!**
**મન સાલ્લું કાળું છે,**
**એટલે જ આળું છે.**
**રમકડું ન મળે નારાજ,**
**રમકડું મળે કરે તારાજ!!**
**મનને નનામીમાં બાંધી,**
**બાળીકૂટી,એનું કરો કારજ!!**
**ભરત વૈષ્ણવ**
**૧૬.૭.૨૦૨૨.**

# રશિયા અંગે ભારત અને ઈન્ડોનેશિયાના વલણને પણ સમર્થન આપ્યું હતું

## ઈન્ડોનેશિયામાં વિરોધ પ્રદર્શનો એ આપણી લોકશાહીની અભિવ્યક્તિનો એક ભાગ છે અને અમે તેના પર ક્યારેય પ્રતિબંધ મૂક્યો નથી

બાલી,તા.૧૯

આ વર્ષે નવેમ્બરમાં ઈન્ડોનેશિયાની રાજધાની બાલીમાં જી-૨૦ સમિટ યોજાવા જઈ રહી છે, જેમાં ઘણા વૈશ્વિક નેતાઓ હાજરી આપશે. આ કોન્ફરન્સ પહેલા ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો પોતાને વૈશ્વિક શાંતિદૂત તરીકે રજૂ કરી રહ્યા છે. ધ હિન્દુને આપેલા ઈન્ટરવ્યુમાં વિડોડોએ રશિયા-યુક્રેન યુદ્ધ સહિત અનેક વર્તમાન વૈશ્વિક વિકાસ વિશે વાત કરી. તેમણે રશિયા અંગે ભારત અને ઈન્ડોનેશિયાના વલણને પણ સમર્થન આપ્યું હતું.ઈન્ડોનેશિયાની જેમ ભારતે પણ યુક્રેન હુમલા માટે રશિયાની નિંદા કરવાનું ટાળ્યું છે અને રશિયા પર પશ્ચિમી પ્રતિબંધોને સમર્થન આપ્યું નથી.

આવી સ્થિતિમાં, શું રશિયા, યુક્રેનના હુમલાને લઈને બિન-જોડાણવાદી વલણ ધરાવતા દેશો માટે પણ જી-૨૦માં સ્થાન છે ? આ પ્રશ્નના જવાબમાં વિડોડોએ કહ્યું કે, આપણે બધાએ સાથે બેસવું જોઈએ, પછી ભલે તમે કોઈપણ બ્લોક કે જૂથના હોવ. સૌથી મહત્વની બાબત એ છે કે આપણે આપણો અહંકાર ઘટાડીને અને માનવતા બચાવવા, ખાદ્ય સુરક્ષા અને ઉર્જા સુરક્ષા જેવી બાબતોને પ્રાથમિકતા આપવાની જરૂર છે.

જ્યારે વિડોડોને ગયા મહિને જર્મનીમાં વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત અને જી-૨૦માં બંને નેતાઓના સહયોગ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત દરમિયાન અમે અર્થતંત્ર, રોકાણ સહિત દ્વિપક્ષીય સંબંધો પર વિસ્તૃત વાતચીત કરી હતી. અમે ખાદ્ય તેલની ભારતીય આયાત અંગે પણ ચર્ચા કરી. મેં તેમને કહ્યું કે અમે વિશ્વભરમાં પામ તેલના વિતરણને પુનઃસ્થાપિત કરવા માટે મે મહિનામાં પ્રતિબંધો હટાવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિડોડો બંને પોતપોતાના દેશોમાં ૨૦૧૪માં સત્તા પર આવ્યા હતા. એક તરફ જ્યાં વિડોડો સોલો શહેરના મેયર હતા. સાથે જ વડાપ્રધાન બનતા પહેલા મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા. આવી સ્થિતિમાં, જ્યારે બંને નેતાઓ વચ્ચે સમાનતા વિશે પૂછવામાં આવ્યું ત્યારે વિડોડોએ કહ્યું કે મને લાગે છે કે અમારા ભૂતકાળના રેકોર્ડને કારણે અમારી વચ્ચે કેટલીક સમાનતાઓ છે.એવું પૂછવા પર કે તાજેતરમાં જ ઈન્ડોનેશિયાની સરકારે પયગંબર મોહમ્મદ પર ભાજપ નેતાની ટિપ્પણીનો વિરોધ કર્યો હતો અને ઈન્ડોનેશિયામાં પણ દેખાવો થયા હતા. શું પીએમ મોદી સાથેની બેઠકમાં આ અંગે ચર્ચા થઈ હતી? આ અંગે વિડોડોએ કહ્યું કે ઈન્ડોનેશિયામાં વિરોધ પ્રદર્શનો એ આપણી લોકશાહીની અભિવ્યક્તિનો એક ભાગ છે અને અમે તેના પર ક્યારેય પ્રતિબંધ મૂક્યો નથી. અમે કાયદાના દાયરામાં તફાવતોને મંજૂરી આપીએ છીએ. હું ભારત વિશે વાત કરવા માંગતો નથી.

બંને દેશોમાં ધાર્મિક કટ્ટરતા, બહુમતીવાદી ચળવળો અને હિંસા જોવા મળી રહી છે. આ કટ્ટરવાદ અને ઉગ્રવાદ વચ્ચે પ્રજાસત્તાક રહેવાના પડકાર વિશે પૂછવામાં આવતા, વિડોડોએ કહ્યું, મને લાગે છે કે વિવિધ ધર્મો વચ્ચે કોઈ મૂળભૂત સમસ્યાઓ નથી.મારી સરકાર અને મંત્રીમંડળમાં કેથોલિક, હિંદુ, મુસ્લિમ સહિત વિવિધ ધર્મો અને જૂથોના લોકો છે. હું આ બધા સંબંધોને લોકો સમક્ષ એક ઉદાહરણ તરીકે રજૂ કરવા માંગુ છું કે સમસ્યાઓ તો થાય છે પણ આપણે મળીને તેનો ઉકેલ લાવવો જોઈએ.

૨૦૨૪ એ રાષ્ટ્રપતિ તરીકે વિડોડોના કાર્યકાળના ૧૦ વર્ષ પૂરા થવા જઇ રહ્યા છે. જોકે વિડોડોએ કહ્યું હતું કે તે પછી પ્રમુખ તરીકે બીજી ટર્મ ઈચ્છતા નથી. તેમણે કહ્યું કે તેઓ પોતાના વતન સોલો પરત ફરશે અને પર્યાવરણ બચાવવામાં તેની ભૂમિકા વિશે વિચારશે. અમેરિકા, ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાન નવા રચાયેલા ક્વાડ સંગઠનમાં જોડાવા સાથે, વિડોડોએ કહ્યું કે ઈન્ડો-પેસિફિકમાં છજીઈછદ્ગ અને ભારત વચ્ચે સહકાર વધવો જોઈએ. આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે દેશો વચ્ચે કોઈ બિનતંદુરસ્ત સ્પર્ધા ન થાય.

તેમણે કહ્યું કે આપણે અમેરિકા અને ચીન વચ્ચેની દુશ્મનાવટને પણ સંભાળવી પડશે અને તકરારની આ સ્થિતિ વધે નહીં તેની ખાતરી કરવી પડશે. ઈન્ડોનેશિયાની વિદેશ નીતિનો ધ્યેય તમામ દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખવાનો છે. અમેરિકા ઈન્ડોનેશિયાનું વ્યૂહાત્મક ભાગીદાર છે જ્યારે ચીન પણ મુખ્ય વ્યૂહાત્મક ભાગીદાર દેશ છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર.



NG 0078

પ્રકાર - પદ્ય

શીર્ષક - સૂર, સંગીત ને ગઝલ

એક સૂરે ગવાય છે;
રાગ સુંદર લવાય છે.
સામ્ય મન ને સિતારમાં એવું;
સૂર, ઝણકાર ,તાર હોવાના.
બેઉના દિલમાં ફૂટ્યું સંગીત ત્યાં;
બે બધિર મૂંગાને થઈ ગઈ પ્રીત ત્યાં!
જિંદગી,"શ્વેતા",ગઝલ,સંગીત બસ;
એક સુંદર યાદગીરી થઈ ગઈ.
છે સંગીત ,વાજા અને નૃત્ય નાટક ;
જગતમાં ભમે ભાઈ , ભવની ભવાઈ.
ક્રોધમાં પણ કહી દીધા જો દોષ એણે આપણાં;
મનનું થ્યું સંગીત બેસૂરું અને ચાલ્યા અમે.
સૂર,લય,સંગીતનો સંગમ મળે તો થાય શું ?
શબ્દ,ગાયકની જુગલબંધીથી સજતી રહી ગઝલ.
થાય લય, સંગીત, સૂરોનો સમન્વય શબ્દથી ;
તે પછી "શ્વેતા" સરસ ગૂંજે કળા યુક્તિ ગઝલ.
વાંસળીના સૂરથી જે પ્રેમ રેલાવે, છે એવો કોઈ?
આંગળીથી પહાડ ગોવર્ધનને ઉપાડે, છે એવો કોઈ?

- શ્વેતા તલાટી

## સૌરવ ગાંગુલી-જય શાહને વધુ ટર્મ આપવાની ક્રિકેટ બોર્ડની તૈયારી સામે સુબ્રમણ્યમ સ્વામી સુપ્રીમમાં

નવીદિલ્હી,તા.૧૯

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ સૌરવ ગાંગુલી તથા સેક્રેટરી જય શાહનો કુલીંગ ઓફ પીરીયડ વધારી તેઓને આ હોદા પર ચાલુ રહેવા માટે ક્રિકેટ બોર્ડ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરાયેલી અરજી સામે ભાજપ્રા વરિષ્ઠ નેતા તથા પુર્વ સાંસદ ડો. સુબ્રમણ્યમ સ્વામીએ વિરોધ કરીને તેઓની હસ્તક્ષેપ અરજી પર વિચારણા કરવા માંગ કરી છે.

ક્રિકેટ બોર્ડમાં તથા તેની સાથે જોડાયેલ રાજ્ય ક્રિકેટ એસો.માં લોધા કમીટીની ભલામણ મુજબ સર્વોચ્ચ અદાલતે સતત બે ટર્મ ૬ વર્ષ અને બાદમાં બીજો હોદો સંભાળતા પુર્વે ત્રણ વર્ષનો કુલીંગ પીરીયડ નિશ્રીત કર્યા છે

પણ ૨૦૧૯માં ક્રિકેટ બોર્ડે સુપ્રીમની મંજુરી વગર તેના બંધારણમાં સુધારો કરી કુલીંગ પીરીયડની જોગવાઈ રદ કરી હતી અને બાદમાં તેની મંજુરી માંગતી અરજી સુપ્રીમમાં કરી છે. હવે ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ સૌરવ ગાંગુલી તથા સેક્રેટરી જય શાહ માટે કુલીંગ પીરીયડ ઓફની મંજુરી આપવા કરેલી રીટ પર સુબ્રમણ્યમ સ્વામીએ ક્રિકેટ બોર્ડને બંધારણ સુધારાની જે માંગ કરી છે તે ૨૦૧૮ના સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાને અસરહીન કરવાનો પ્રયાસ છે અને સુપ્રીમ કોર્ટના ચૂકાદાનું પણ ઉલ્લંઘન છે.ડો. સ્વામીએ ખુદને પક્ષકાર બનાવવાની માંગ કરી છે.

ક્રિકેટ બોર્ડે જે પ્રસ્તાપિત સંશોધન કર્યુ છે તે મુજબ ક્રિકેટ બોર્ડમાં અધ્યક્ષ કે સેક્રેટરી પદ પર સતત બે ટર્મ (૬ વર્ષ) અને બાદમાં જે તે વ્યક્તિએ રાજય ક્રિકેટ એસો.માં હોદા સમયે જે સમય તેઓ રહ્યા હશે તે બીસીસીઆઈના આ બે હોદા માટે ગણાશે નહી.જો કે સુપ્રીમ કોર્ટે અગાઉ બીસીસીઆઈ કે રાજય ક્રિકેટ એસા. બન્નેમાં કોઈ પદાધિકારી (અધ્યક્ષ-સેક્રેટરી-ટ્રેઝરર-જોઈન્ટ સેક્રેટરી ઉપાધ્યક્ષ અને અન્ય) સતત કુલ છ વર્ષ હોદા પર રહ્યા હોય તેને ત્રણ વર્ષનો કુલીંગ પીરીયડ ફરજીયાત કર્યા છે. સૌરવ ગાંગુલી અને જય શાહ ઓકટો ૨૦૧૯થી ક્રિકેટ બોર્ડ અધ્યક્ષ અને સેક્રેટરી તરીકે કાર્યરત છે અને તેઓને ૩ વર્ષનો કાર્યકાળ સપ્ટે ૨૦૨૨માં પુરો થાય છે. ક્રિકેટ બોર્ડ હવે આ બન્નેને રાજય ક્રિકેટ એસો.ના હોદા પરનો પીરીયડ નહી ગણવા રીટ કરી છે તેમાં સુપ્રીમના વલણ પર નજર છે.

# જમ્મુ-કાશ્મીરમાં ગુજરાત-હિમાચલની સાથે નવેમ્બરમાં ચૂંટણી થાય તેવી શક્યતા

**જમ્મુ કાશ્મીરમાં સીમાંકન બાદ ૭ બેઠક વધી છે. કુલ સીટોની સંખ્યા ૯૦ થઈ,જેમાં જમ્મુમાં ૪૩ અને કાશ્મીરમાં ૪૭ વિધાનસભા સીટ**

નવીદિલ્હી,તા.૧૯

ગુજરાત અને હિમાચલ પ્રદેશની સાથે જમ્મુ-કાશ્મીરમાં પણ આ વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં ચૂંટણી યોજાશે. સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે ચૂંટણીપંચે જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ ૨૦૧૯માં પહેલીવાર વિધાનસભાની ચૂંટણી યોજાશે. એટલું જ નહીં, જો પહેલીવાર ચૂંટણી થશે તો રાજયમાં બનેલી સરકારનો કાર્યકાળ પણ ૫ વર્ષનો રહેશે. અત્યારસુધી રાજયમાં સરકારનો કાર્યકાળ ખાસ જોગવાઈ હેઠળ ૬ વર્ષનો હતો, વાંચો અમારો વિશેષ અહેવાલપ

ચૂંટણીપંચ સાથે જોડાયેલાં સૂત્રોએ જણાવ્યું હતું કે સીમાંકનનું કામ પૂર્ણ થઈ ગયું છે. સુધારેલી મતદારયાદી ૩૧ ઓક્ટોબર સુધી જારી કરી શકાશે. મતદાન મથકને આખરી ઓપ આપવાની કામગીરી પણ અંતિમ તબક્કામાં છે, એ પણ આવતા મહિને પૂર્ણ થશે. અગાઉ વિધાનસભામાં જમ્મુ-કાશ્મીર અને લદાખ સહિત કુલ ૮૭ બેઠક હતી. આમાં લદાખની ૪ બેઠક સામેલ હતી, પરંતુ એને અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બનાવ્યા બાદ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની કુલ બેઠકોની સંખ્યા ઘટીને ૮૩ થઈ ગઈ.

સીમાંકન બાદ ૭ બેઠક વધી છે. આ પછી કુલ સીટોની સંખ્યા ૯૦ થઈ ગઈ છે, જેમાં જમ્મુમાં ૪૩ અને કાશ્મીરમાં ૪૭ વિધાનસભા સીટ બનાવવામાં આવી છે. ૯ બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવી છે. કાશ્મીરના પક્ષોનો આરોપ છે કે નવા સીમાંકન દ્વારા ભાજપ હિંદુ બહુમતી ધરાવતા જમ્મુને રાજકીય ધાર આપીને પોતાની રાજનીતિ ચમકાવવા માગે છે.

હાલમાં જમ્મુ-કાશ્મીરના મુસ્લિમ બહુમતીવાળા કાશ્મીરમાં ૪૬ બેઠક છે અને બહુમત માટે માત્ર ૪૪ બેઠકની જરૂર છે. હિંદુ બહુલ વિસ્તાર જમ્મુમાં ૩૭ સીટ છે. આવી સ્થિતિમાં મોટા ભાગના મુખ્યમંત્રી કાશ્મીરમાંથી જ બનાવવામાં આવ્યા છે. સીમાંકન પછી આ ગણિત બદલાશે. નવા સીમાંકન મુજબ જમ્મુ-કાશ્મીરની કુલ ૯૦ સીટમાંથી હવે ૪૩ જમ્મુમાં અને ૪૭ કાશ્મીરમાં હશે તેમજ કાશ્મીરી પંડિતો માટે ૨ બેઠક અનામત રાખવાનું સૂચન કરવામાં આવ્યું છે.

આ ફેરફારો પછી જમ્મુની ૪૪% વસતિ ૪૮% બેઠક પર મતદાન કરશે. કાશ્મીરમાં રહેતા ૫૬% લોકો બાકીની ૫૨% બેઠકો પર મતદાન કરશે. અત્યારસુધી કાશ્મીરના ૫૬% લોકો ૫૫.૪% બેઠકો પર મતદાન કરતા હતા અને જમ્મુના ૪૩.૮% લોકો ૪૪.૫% બેઠકો પર મતદાન કરતા હતા. જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લું સીમાંકન ૧૯૯૫માં કરવામાં આવ્યું હતું, જ્યારે ત્યાં રાષ્ટ્રપતિશાસન લાગુ હતું. ત્યાર બાદ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની બેઠકો ૭૬થી વધારીને ૮૭ કરવામાં આવી હતી, જેમાં જમ્મુની બેઠકો ૩૨થી વધારીને ૩૭ અને કાશ્મીરની બેઠકો ૪૨થી વધારીને ૪૬ કરવામાં આવી હતી. ૨૦૦૨માં જમ્મુ અને કાશ્મીરની નેશનલ કોન્ફરન્સ સરકારે રાજ્યનું સીમાંકન ૨૦૨૬ સુધી મુલતવી રાખવાનો ઠરાવ પસાર કર્યો હતો.

કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સે સવાલ ઉઠાવ્યો છે કે જયારે દેશભરના બાકીના મતવિસ્તારોનું સીમાંકન ૨૦૨૬ સુધી રોકી દેવામાં આવ્યું છે તો પછી જમ્મુ-કાશ્મીર માટે અલગ સીમાંકન શા માટે છે. હકીકતમાં સમગ્ર દેશમાં સીમાંકનની પ્રક્રિયાને ૨૦૨૬ સુધી રોકી દેવામાં આવી છે અને માત્ર જમ્મુ અને કાશ્મીરમાં જ વિધાનસભા મતવિસ્તારો ફરીથી નક્કી કરવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરના સીમાંકનનો વિરોધ કરવાનું બીજું કારણ રાજકીય છે. વાસ્તવમાં રાજકીય પક્ષો મુસ્લિમ બહુમતી કાશ્મીરમાં બેઠકોની સંખ્યા વધારવા અને હિંદુ બહુમતી જમ્મુમાં વસતિની દૃષ્ટિએ વધુ બેઠકો વધારવાના પગલાની ટીકા કરી રહ્યા છે.

## દિગ્ગજ ગાયક ભૂપિન્દ્ર સિંહના નિધનથી અજય દેવગન ભાવુકઃ નરેન્દ્ર મોદીએ પણ શ્રદ્ધાંજલિ પાઠવી

મુંબઇ,તા.૧૯

મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના લેજેન્ડ્રી ગાયક ભૂપેન્દ્ર સિંહનું ૮૨ વર્ષની વયે નિધન થઈ ગયું છે. તેમણે 'દુનિયા છૂટે યાર ના છૂટે' ( ધર્મ કાંટા), 'બીતી ના બિતાઈ રૈના' (પરિચય), 'દિલ ઢૂંઢતા હૈ' (મૌસમ), 'નામ ગુમ જાયેગા' જેવા ઘણા લોકપ્રિય ગીત ગાયા હતા. પોતાના અવાજથી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં ઓળખ બનાવનાર ભૂપેન્દ્રના ગીતો હંમેશાં તેમના ફેન્સના દિલમાં રાજ કરશે. સિંગરના નિધન પર શોક વ્યક્ત કરતા બોલિવૂડના ઘણા સેલેબ્સ અને સિંગર્સે ટ્વિટર દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપી છે.અજય દેવગને ટ્વીટમાં લખ્યું, "ભૂપિન્દ્રજીના નિધનથી ઘણું દુઃખ થયું. તેમના અવાજે લાખો લોકોને ખુશી આપી અને તેમના અવાજમાં એક યુનિકનેસ પણ હતી જે લોકોના ચહેરા પર મુસ્કાન લાવતી હતી. તેમના પરિવારને મારી સંવેદના. ભગવાન તેમની આત્માને શાંતિ આપે."

વિશાલ દદલાનીને ભૂપિન્દ્ર સિંહના નિધનના સમાચાર મળ્યા પછી દિગ્ગજ સિંગરને શ્રદ્ધાંજલિ પાઠવી. તેણે ટ્વિટ કરતા લખ્યું, ભૂપિન્દ્રજીની યાદમાં, એક સારા સમયનો સારો અવાજ, આ ઘણા દુઃખની વાત છે કે લતાજીની જેમ તેઓ પણ આપણને છોડીને જતા રહ્યા. જો કે તેમને સુંદર રીતે આરડી બર્મનનું ગીત 'નામ ગુમ જાયેગા' ગીત ગાયું. તેમનો અવાજ જ તેમની ઓળખ છે અને હંમેશાં યાદ રહેશે.

ભૂપેન્દ્ર સિંહને શ્રદ્ધાંજલિ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લખે છે કે, દાયકાઓથી યાદગાર ગીત આપનાર શ્રી ભૂપેન્દ્ર સિંહજીના નિધનથી વ્યથિત છું. તેમના કામે ઘણા લોકોને પ્રભાવિત કર્યા.

### પેંગોંગ તળાવ પાસે ડ્રેગનનું નવું ષડયંત્ર

# લદ્દાખ બોર્ડર પર ચીનની સેના સૈન્ય અભ્યાસ કરી રહી છે, વીડિયો સામે આવ્યો

## આ પહેલાં પણ ચીન તરફથી તળાવ પર પુલ બનાવવાની સેટેલાઈટ તસવીર સામે આવી હતી.



નવીદિલ્હી,તા.૧૯

પૂર્વ લદ્દાખમાં જ્યાં એક તરફ ચીન સરહદ વિવાદના ઉકેલ માટે ભારત સાથે વાત કરી રહ્યું છે. બીજી અને પેંગોંગ ત્સો તળાવ પાસે, ચીનની પીપલ્સ લિબરેશન આર્મી યુદ્ધની તૈયારી કરી રહી છે. પેંગોંગ તળાવ પાસે પીએલએની સૈન્ય અભ્યાસનો એક વીડિયો સામે આવ્યો છે.ભારત અને ચીન વચ્ચેના સરહદ વિવાદને ઉકેલવા માટે લદ્દાખના ચુશુલ-મોલ્દોમાં જ બેઠક મળી હતી. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં બંને પક્ષો સૈન્ય અને રાજદ્વારી માધ્યમો દ્વારા વાતચીત ચાલુ રાખવા અને બાકીના મુદ્દાઓને સૌહાર્દપૂર્વક ઉકેલવા સંમત થયા હતા. જો કે, આ વીડિયોએ ફરી એકવાર ચીનની સેનાના હેલિકોપ્ટર તળાવ પર ઉડી રહ્યા છે.વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે ચીનની સેનાના હેલિકોપ્ટર તળાવ પર ઉડી રહ્યા છે. આ પહેલાં પણ ચીન તરફથી તળાવ પર પુલ બનાવવાની સેટેલાઈટ તસવીર સામે આવી હતી. ચીન આ નિર્માણ એટલા માટે કરી રહ્યું છે કે જો ભવિષ્યમાં ભારત સાથે પેંગોંગ તળાવ બાબતે વિવાદ થાય છે તો તેને વ્યૂહાત્મક મજબુતાઈ મળી શકે છે.એરફોર્સ ચીફ વીઆર ચૌધરીએ એલએસી પર ચીનનાં સૈનિકો ભારતીય સેનાને ઉશ્કેરવા વિશે થોડા દિવસ પહેલા જણાવતા કહ્યું હતું કે, ×અમે એલએસી પર થઈ રહેલી તમામ હલચલ પર નજર રાખીએ છીએ. જ્યારે પણ અમને લાગે છે કે ચીનના વિમાન એલએસીની ખૂબ જ નજીક આવી રહ્યા છે, ત્યારે અમે પણ અમારા ફાઈટર પ્લેન અને અમારી સિસ્ટમને હાઈ એલર્ટ પર રાખીએ છીએ. જેથી ચીનની સેના ગુસ્સામાં છે. જો કે તેઓ આવું કેમ કરી રહ્યા છે તેનું હું કોઈ ચોક્કસ કારણ આપી શકતો નથી. અમે ત્યાં અમારા જવાનોને મોકલીને પગલાં ભરી રહ્યા છીએ.જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ચીન અને ભારત વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં ભારત અને ચીન બંનેનાં સૈનિકો માર્યા ગયા હતા.

# હવે ચોમાસુ યુપી, દિલ્હી અને હરિયાણામાં મહેરબાન થશે,સતત ૪ દિવસ વરસાદની આગાહી



નવીદિલ્હી,તા.૧૯

ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણા જેવા રાજ્યોમાં સતત ગરમી પડી રહી છે. તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેવા છતાં ભેજ ૫૦ ડિગ્રી જેવો અનુભવાય છે. આવી સ્થિતિમાં, દરેક લોકો આ વિસ્તારોમાં સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે જેથી તેઓ ભેજ અને ગરમીથી છુટકારો મેળવી શકે. દરમિયાન, હવામાન વિભાગનું કહેવું છે કે આજથી આગામી ત્રણ દિવસ સુધી વરસાદની સંભાવના છે, જેનાથી લોકોને મોટી રાહત મળી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ ચોમાસું ઉત્તર દિશા તરફ સતત આગળ વધી રહ્યું છે. જેના કારણે ઉત્તર અને ઉત્તર પશ્ચિમ રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગનું કહેવું છે કે મધ્યપ્રદેશના મધ્ય ભાગોમાં લો પ્રેશરનું ક્ષેત્ર યથાવત છે. વિભાગનું કહેવું છે કે આગામી બે દિવસમાં ચોમાસું વધુ ઉત્તર તરફ આગળ વધશે. આ કારણે દિલ્હી-એનસીઆર, યુપી સહિત ઘણા રાજ્યોમાં ૨૨ જુલાઈ સુધી વરસાદ થઈ શકે છે. વિભાગનું કહેવું છે કે છેલ્લા બે અઠવાડિયાથી ચોમાસું દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમમાં રહ્યું છે અને સતત વરસાદ થઈ રહ્યો છે. પરંતુ ઉત્તારીય વિસ્તારોમાં અપેક્ષા મુજબ વરસાદ જોવા મળ્યો નથી. આવી સ્થિતિમાં જો આ વખતે હવામાન વિભાગની આગાહી સાચી સાબિત થશે તો યુપી, દિલ્હી, હરિયાણા, પંજાબ જેવા રાજ્યોને મોટી રાહત મળશે.

ઉત્તરમાં ચોમાસાની શરૂઆત સાથે, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તર પ્રદેશમાં ૨૦ થી ૨૨ જુલાઈ દરમિયાન ભારે વરસાદ થઈ શકે છે. ઉત્તરાખંડની વાત કરીએ તો અહીં ૨૦ જુલાઈના રોજ ઘણો વરસાદ જોવા મળશે.

બીજી તરફ પૂર્વ રાજસ્થાનમાં મંગળવારે જ વરસાદ પડી શકે છે અને તે પછી ૨૦ જુલાઈએ યુપી, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, ચંદીગઢ જેવા રાજ્યોમાં સારો એવો વરસાદ થવાની સંભાવના છે. પૂર્વ અને ઉત્તર પૂર્વીય રાજ્યો માટે હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૫ દિવસ સુધી વરસાદ ચાલુ રહી શકે છે. આ રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે.

## દક્ષિણ આફ્રિકામાં મિની આઇપીએલ રમાશે,એમઆઇ, સીએસકે સહિત લીગની ૬ ટીમો વચ્ચે ટક્કર

મુંબઇ,તા.૧૯

આઈપીએલ ૨૦૨૩ પહેલા મિની આઈપીએલ રમાશે. તે ભારતમાં નહીં, પરંતુ દક્ષિણ આફ્રિકામાં થશે. ખરેખર, ક્રિકેટ સાઉથ આફ્રિકાએ આઈપીએલની તર્જ પર ટી ૨૦ લીગ શરૂ કરી હતી. તેને મિની આઈપીએલ કહેવામાં આવી રહ્યું છે કારણ કે તેમાં ભાગ લેનારી ૬ ટીમોને આઈપીએલફ્રેન્ચાઈઝીના માલિકો દ્વારા ખરીદવામાં આવી છે. રિપોર્ટ્સ અનુસાર, મુંબઈ ઈન્ડિયન્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ, દિલ્હી કેપિટલ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, લખનૌ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સે દક્ષિણ આફ્રિકાની ટી ૨૦ લીગમાં ભાગ લઈ રહેલી તમામ ૬ ટીમોની માલિકી મેળવી લીધી છે. આ ટુર્નામેન્ટ આવતા વર્ષે જાન્યુઆરીમાં યોજાય તેવી શક્યતા છે.

ક્રિકબઝના અહેવાલ મુજબ ૬ અલગ-અલગ આઈપીએલ ફ્રેન્ચાઈઝીના માલિકોએ આવતા વર્ષની શરૂઆતમાં યોજાનારી ક્રિકેટ સાઉથ આફ્રિકાની નવી ટી ૨૦ લીગમાં ભાગ લેનારી તમામ ૬ ફ્રેન્ચાઈઝીને ખરીદી લીધી છે. અહેવાલમાં જણાવાયું છે કે મુકેશ અંબાણી (મુંબઈ ઈન્ડિયન્સ), એન શ્રીનિવાસન (ચેન્નઈ સુપર કિંગ્સ), પાર્થ જિંદાલ (દિલ્હી કેપિટલ્સ), ધ મારન પરિવાર (સનરાઈઝર્સ હૈદરાબાદ), સંજીવ ગોએન્કા (લખનૌ સુપર જાયન્ટ્સ) અને મનોજ બદાલે (રાજસ્થાન રોયલ્સ) એ ભાગ લીધો હતો. જોકે, આયોજકોએ હજુ સુધી તેમની ટીમ ખરીદવાની સત્તાવાર જાહેરાત કરી નથી.

આ મહિનાના અંતમાં ફ્રેન્ચાઈઝીના વિજેતાની જાહેરાત થઈ શકે છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે માલિકોને તેમની સફળ બિડ વિશે માહિતી આપવામાં આવી છે અને તેમને તેમની પસંદગીના શહેરો વિશે પૂછવામાં આવ્યું છે.આઈપીએલની સૌથી સફળ ટીમ સેન્ચુરિયન સ્થિત મુંબઈ ઈન્ડિયન્સ કેપ ટાઉન, ચેન્નાઈ સુપર કિંગ્સ જોહાનિસબર્ગ અને દિલ્હી કેપિટલ્સ હશે.

# ગાંધીનગર જિલ્લાના પેન્શનર અને કુટુંબ પેન્શનરોએ પોતાની વાર્ષિક હયાતીની ખરાઇ જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય ત્યાં જઇ તા. ૩૧મી જુલાઇ સુધી કરાવવાની રહેશે

ગાંધીનગરઃ મંગળવારઃ

ગાંધીનગર જિલ્લાના પેન્શનર- કુટુંબ પેન્શનરોએ દર વર્ષે મે માસમાં જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય, ત્યાં જઇ વાર્ષિક હયાતીની ખરાઇ કરાવવાની હોય છે. પરંતુ જે પેન્શનરોએ હજુ સુધી હયાતીની ખરાઇ કરાઇ નથી. તેમણે તા. ૩૧મી જુલાઇ, ૨૦૨૨ સુધીમાં પોતાની બેંકમાં જઇ હયાતીની ખરાઇ કરાવવા માટે તિજોરી અધિકારી ( પેન્શન), ગાંધીનગરે જણાવ્યું છે.

તિજોરી અધિકારી ( પેન્શન), ગાંધીનગરે વધુમાં જણાવ્યું છે કે, સરકારી તિજોરીમાંથી પેન્શન મેળવતા તમામ પેન્શનર- કુટુંબ પેન્શનશ્રીઓએ દર વર્ષે મે માસમાં તેઓ જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય, ત્યાં જઇ વાર્ષિક હયાતી ખરાઇ કરાવવાની રહેછે. જે પેન્શનરશ્રીએ મે માસમાં વાર્ષિક હયાતી ખરાઇ કરાવી શક્યા ન હોય તેઓએ જુલાઇ માસના અંત સુધીમાં વાર્ષિક હયાતી ખરાઇ કરાવી શકે છે.

બેંકમાં હયાતીની ખરાઇ કરાવવાની છેલ્લી તા. ૩૧મી જુલાઇ, ૨૦૨૨ છે. જિલ્લાના તમામ પેન્શનરશ્રીઓએ નિયત સમયમર્યાદામાં હયાતી ખરાઇ કરાવી લેવાની રેહશે. તા. ૩૧મી જુલાઇ, ૨૦૨૨ સુધીમાં હયાતીની ખરાઇ ન કરાવનાર પેન્શનર- કુટુંબ પેન્શનશ્રીનું પેન્શન ઓગષ્ટ પેઇડ ઇન સપ્ટેમ્બરના પેન્શનથી બંધ કરવાની જોગવાઇ છે, તેવું તિજોરી અધિકારી ( પેન્શન), ગાંધીનગરે જણાવ્યું છે.

# ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ગાંધીનગર ખાતે શક્તિ મેળો – ૨૦૨૨ તા. ૨૩ થી ૨૯ જુલાઇદરમ્યાન યોજાશે

## આ શક્તિ મેળામાં ૭૫ જેટલી મહિલા ઉધમીઓ ભાગ લેશે : તા.૨૩મી જુલાઇના રોજ સાંજે ૫.૦૦ કલાકે આ મેળાનો શુભારંભ

ગાંધીનગરઃ મંગળવારઃ

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા તા. ૨૩ થી ૨૯મી જુલાઇ, ૨૦૨૨ દરમ્યાન શક્તિ મેળો- ૨૦૨૨ "્રીૌંર્ાિક ઉંદ્બીહ'જ ઈર્જ્ઞહદ્બઅ " નું આયોજન ગાંધીનગરના સેકટર- ૭ લગ્નવાડી હોલમાં કરવામાં આવ્યું છે.

કોવિડ- ૧૯ની મહામારીના કારણે રાજયના આ ક્ષેત્રના મહિલા કારીગરોના ઘંઘા- રોજગાર મંદ પડયા હતા. તેમને સરકાર દ્વારા એક ડગલુ આત્મનિર્ભરતા તરફ લઇ જવાના પગલારૂપે આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આવા કારીગરો રોજગારી મેળવી રાબેતા મુજબ જીવન પંથે આગળ વધે તેવા ઉમદા આશયથી મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા ગાંધીનગરના આંગણે આ શક્તિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૩મી જુલાઇ, ૨૦૨૨ ના રોજ સાંજના ૫.૦૦ કલાકે આ શક્તિ મેળાનો શુભારંભ થશે. આ મેળો તા. ૨૯મી જુલાઇ, ૨૦૨૨ સુધી ખુલ્લો રહેશે. આ મેળામાં રાજયની ૭૫ જેટલી ઉધમી મહિલાઓ સહભાગી બનનાર છે. આ મેળામાં પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવશે. ગ્રામીણ ગરીબ મહિલાઓને પ્રોત્સાહન મળે તે હેતુથી અનુકૂળ ચીજ વસ્તુઓની ખરીદી કરવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# દૂધ-શાકભાજી બાદ હવે ખાવાનું તેલ પણ મોંઘું થયું

રાજકોટ,તા.૧૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમા સાતમ આઠમના તહેવારો નજીક આવતાની સાથે જ સિંગતેલના ભાવમાં ફરી વધારો થયો છે. દર વર્ષે સાતમ આઠમના તહેવાર પહેલા તેલના ભાવો ભડકે બળે છે. આ વર્ષે પણ આવુ જ થયું. સિંગતેલ, કપાસિયા તેલ, પામોલિન તેલના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. ફરી સિંગતેલના ડબ્બો ૨૮૦૦ ની સપાટીએ પહોંચ્યો છે. સિંગતેલના ભાવમાં ડબ્બે રૂપિયા ૧૦ નો ભાવ વધારો નોંધાયો છે. આ ભાવ વધારાથી સિંગતેલનો ડબ્બો ૨૮૧૦ રૂપિયા પહોંચ્યો છે. કપાસિયા તેલમાં પણ ૧૦ રૂપિયાના વધારા




સાથે ડબ્બાનો ભાવ ૨૫૧૦ થયો છે.

પારીઓના જણાવ્યા અનુસાર સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પૂરેપૂરી છે. સીંગતેલના ભાવમાં વધારો આવશે તો એની અસર કપાસિયા અને સાઈડ તેલમાં પણ જોવા મળશે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે. મહત્વનું છે કે, ખાદ્યતેલ મોંઘા થવા સાથે બજારૂ ફરસાણ, ખાદ્યચીજોમાં ભેળસેળ કે વાસી દાઝ્યુ તેલ વાપરવાનું જોખમ પણ વધ્યું છે. ખાદ્યતેલોમાં ભાવવધારાના કારણે ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે.

ઈન્ડોનેશિયાથી મોટા પ્રમાણમાં પામતેલની આયાતને લઈને પામતેલનો ડબ્બો ૧૯૨૦ રૂપિયાએ પહોંચ્યો છે. જોકે, માત્ર પામોલિન તેલના ભાવમાં જ ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણ મહિનામાં પામતેલના ભાવમાં ૫૦૦ થી ૬૦૦ રૂપિયાનું ઘટાડો થયો છે.




મહેસાણા લાયન્સ ક્લબ દ્વારા તારીખ ૧૮ ૭ ૨૨ ના રોજ ગોરાદ પ્રાથમિક શાળામાં પ્રકૃતિ સેવા મંડળ ના સહયોગથી વૃક્ષારોપણ નો કાર્યક્રમ કર્યો જેમાં ૩૦૦ વૃક્ષારોપણ કરી જેમાં સ્કૂલના આચાર્ય પરેશભાઈ પટેલ લાયન્સ ક્લબના પ્રમુખ શ્રી દશરથભાઈ પટેલ સેક્રેટરી નિલય ભાઈ ઓઝા ધીરજભાઈ વિષ્ણુભાઈ હસમુખભાઈ લાયન ટ્રેમ ટેમર વીણાબેન રાવલ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને લાયન્સ ક્લબના સભ્યો હાજર રહ્યા હતા







**શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા પાલજ, ખોરજ, પોર, સે.૧૩ ખાતે સદસ્યતા ઝુંબેશ**

# ઉકાઈ ડેમમાં પાણીની ભરપૂર આવક,ડેમના ૧૦ ગેટ ખોલાયા

તાપી,તા.૧૯

હવામાન વિભાગ દ્વારા રાજયમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી કરાઈ છે. ત્યારે વરસાદની આગાહી વચ્ચે ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ગણાતા ઉકાઈ ડેમમાં પાણીની આવત થતાં સપાટી રૂલ લેવલને પાર કરી ગઈ છે. જે જોતા ડેમના સત્તાધીશો દ્વારા સાત્રે ૮ કલાકે ડેમના ૧૦ ગેટ ચાર ફૂટ ખોલવામાં આવ્યા છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિત તાપી જિલ્લામાં પડેલા વરસાદને કારણે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમમાં પાણીની ભરપૂર આવક થઈ છે. જે બાદ ડેમની સપાટીમાં વધારો નોંધાયો છે. જેના કારણે સપાટી ૩૩૩.૦૫ ફૂટ પર પોહચતાં ડેમનું રૂલ લેવલ જાળવવા ડેમ પ્રશાસન દ્વારા ડેમના ૨૨ દરવાજા પૈકી ૬ દરવાજા ચાર ફૂટ ખોલી તાપી નદીમાં ૬૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. ત્યારે આ પાણીની જાવક તબક્કાવાર વધારવામાં આવશે એમ અધિકારી દ્વારા જણાવાયું છે. તો બીજી તરફ તાપી નદીમાં પાણી છોડવામાં આવતા નીચાણવાળા વિસ્તારને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા રાજયભરમાં વરસાદની આગાહી કરાઈ છે. દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી કરાઈ છે. જેમાં વલસાડ, નવસારી, ડાંગ, સુરત, અરવલ્લી, મહીસાગરમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. ૧૯ અને ૨૦ તારીખે વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે ૨૨ તારીખથી વરસાદનું જોર વધશે. ૨૨ એ સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી છે. પરંતુ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ તૂટી પડશે. તો આ વચ્ચે અમદાવાદમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

# અરવલ્લી, મહીસાગર, સાબરકાંઠા અને દાહોદમાં આગામી 3 કલાકમાં ભારે વરસાદની સંભાવના

હિંમતનગર,તા.૧૯

ગુજરાતમાં ચોમાસાની શરૂઆતમાં જ મેઘરાજાએ જળબંબાકારની સ્થિતિ સર્જી છે. બીજી બાજુ, સૂકાભઠ્ઠ રહેતા કચ્છમાં આ વખતે ૧૦૦ ટકાથી વધુ વરસાદ થયો છે, જેને પરિણામે પીવાના પાણની ઘાત ટળી છે અને ખેડૂતોને સિંચાઈ માટેના પાણી તંગી પણ દૂર થઈ છે. રાજયમાં અત્યારસુધીમાં ૧૯.૫૧ ઈંચ સાથે સીઝનનો ૫૮.૩૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. અમદાવાદમાં આજે સવારથી જ અનેક વિસ્તારોમાં ધીમી ધારે છાંટા પડી રહ્યા હતાં અને વરસાદી વાતાવરણને કારણે આકાશમાં કાળાં ડિબાંગ વાદળો ઘેરાયાં હતાં અમદાવાદમાં સવારથી બપોરે ૧ વાગ્યા સુધીમાં સરેરાશ એક ઈંચ વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધુ રખિયાલ, ગોમતીપુર, ઓઢવ, વિરાટનગર, જમાલપુર, ગોળલીમડા, લાલદરવાજા સહિતના વિસ્તારોમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગ દ્વારા અરવલ્લી, મહીસાગર, સાબરકાંઠા અને દાહોદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય અમદાવાદમાં પણ હળવાથી મધ્યમ વરસાદ વરસવાના સંકેતો પણ હવામાન વિભાગે આપ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૩૭ તાલુકામાં મેઘમહેર થઈ છે, જેમાં બોડેલીમાં સાડાચાર ઈંચ, વાઘોડિયામાં ત્રણ ઈંચ, વડોદરામાં બે ઈંચ, સંખેડામાં બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે તિલકવાડા, પાદરા અને કપરાડામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. આ સિવાયના તાલુકાઓમાં એકથી દોઢ ઈંચ વરસાદ ખાબક્યો છે. આજે સવારે ૬ વાગ્યાથી આઠ વાગ્યા સુધીમાં ૧૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. આમ, તમામ ૩૩ જિલ્લાના ૧૩૭ તાલુકામાં મેઘમહેર થઈ હતી.

ગુજરાતમાં એક-બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. જોકે રાજ્યમાં વરસાદી માહોલ યથાવત્ રહ્યો છે.

અમુક જગ્યાઓ પર હળવો વરસાદ પણ પડી રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે આગાહી કરી છે કે રાજયમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ બન્યો રહેશે. આ દરમિયાન અમુક જગ્યાઓ પર ભારે વરસાદ પણ પડી શકે છે. અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીના જણાવ્યા પ્રમાણે આગામી ૨૨ જુલાઈથી રાજ્યમાં વરસાદનું જોર ફરી વધશે. આ દરમિયાન અમદાવાદ શહેરમાં છૂટોછવાયો વરસાદ પડવાની સંભાવના છે,ભારે વરસાદની આગાહી નથી.

### ભાજપ અવસરની રાહ જોતી રહી

# કોંગ્રેસે સાબરમતી નદી પર ફુટઓવર બ્રિજનુ ઉદઘાટન કરી એએમસીને સપડાક મારી !

## બ્રિજ બન્યાને ચાર મહિના થવા છતાં સરકાર આ બ્રિજને ખુલ્લો મૂકવાનુ નામ નથી લેતી

અમદાવાદ,તા.૧૯

અમદાવાદના સાબરમતી નદી પર શાનદાર ફુટઓવર બ્રિજ બનાવવામાં આવ્યો છે. બ્રિજ બન્યાને ચાર મહિના થવા છતાં સરકાર આ બ્રિજને ખુલ્લો મૂકવાનુ નામ નથી લેતી. એક તરફ ભાજપ સરકાર અવસરની રાહ જોઈ રહી, અને બીજી તરફ વિરોધ પક્ષના નેતાઓએ બ્રિજને ખુલ્લો મૂકી દીધો. વિપક્ષ નેતા શેહઝાદ ખાન પઠાણે કાર્યકર્તાઓ સાથે મળીને ફુટઓવર બ્રિજનુ ઉદઘાટન કર્યું. ફુગ્ગાઓ લગાવીને રિબન કટ કરવામાં આવી હતી. શાનદાર રીતે બ્રિજની લોકાર્પણ વિધિ કરવામાં આવી હતી. આમ, કોંગ્રેસ એએમસીને એક લપડાક મારી છે.




કોંગ્રેસે લાંબા સમયથી સાબરમતી નદી પર ફૂટઓવર બ્રિજ ખુલ્લો મૂકવાની માંગ કરી હતી. તેમણે એએમસીમાં પણ આ અંગે રજૂઆતો કરી હતી. આખરે તંત્રએ આ વાત ધ્યાને ન લેતા વિપક્ષ નેતા શેહઝાદ ખાન પઠાણે ઢોલ નગારાના તાલે બ્રિજનુ ઉદઘાટન કર્યુ હતું. આ ઉદઘાટન પ્રસંગમાં કોંગ્રેસના અનેક કાર્યકર્તાઓ જોડાયા હતા. કોંગ્રેસે કહ્યુ હતું કે, શાસક પક્ષ બ્રિજ બન્યા છતા તેને ખુલ્લો મૂકતુ નથી. આ રીતે કોંગ્રેસે પોતાનો વિરોધ પણ વ્યક્ત કર્યો હતો.

શેહઝાદ ખાન પઠાણે આ વિશે કહ્યુ કે, અમદાવાદની જનતા માટે ૮૦ કરોડના ખર્ચે બ્રિજ બનાવાયો છે. ચાર મહિનાથી બ્રિજ બનીને તૈયાર છે. કોર્પોરેશનનુ કામ પૂરુ થઈ ગયુ છે. પરંતુ ભાજપના વીઆઈપી નેતાઓને ઉદઘાટન કરાવનો સમય નથી મળી રહ્યો. તેઓ પર્સનલ કામમાં જ વ્યસ્ત છે. જનતાના હિત માટે કોંગ્રેસે આગળ આવીને લોકોની લોકલાગણી ગણીને બ્રિજને ખુલ્લો મૂક્યો છે. અમે ચાર મહિનાથી કોંગ્રેસ જનરલ બોર્ડમાં તેને ઓપન કરવાની માંગ કરી હતી. પરંતુ ભાજપ ચૂંટણીને ધ્યાનમાં રાખીને બ્રિજનું લોકાર્પણ કરવામાં ટાળી રહી છે.

આ વર્ષે મે મહિનામાં જ બ્રિજ તૈયાર કરી દેવાયો છે. સાબરમતી નદી પર એલિસબ્રિજ અને સરદારબ્રિજ વચ્ચે રૂ. ૮૦ કરોડના ખર્ચે આ બ્રિજ તૈયાર કરાયો છે. ત્યારે આ આઇકોનિક ફૂટ ઓવરબ્રિજનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અટલબ્રિજનું ઉદ્ઘાટન કરે તેવી શક્યતા છે.

# શાળામાં ૧૪ વર્ષના વિદ્યાર્થી સાથે પ્રિન્સિપાલે જાતિ સતામણી કરતા મામલો પોલીસમાં પહોંચ્યો

## બાળકને નગ્ન કરી વિકૃતિની તમામ હદ પાર કરી

સુરત,

સુરતના પુણા વિસ્તારમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં ૧૪ વર્ષના વિદ્યાર્થી સાથે પ્રિન્સિપાલે જાતિ સતામણી કરતા મામલો પુણા પોલીસમાં પહોંચ્યો છે.પોલીસે પ્રિન્સિપાલ નિશાંતકુમાર યોગેશકુમાર વ્યાસ(રહે,નિલકંઠશ્વેર સોસા,સુમુલ ડેરી રોડ) સામે પોક્સો એકટની કલમ મુજબ ગુનો નોંધ્યો છે. એક ૧૪ વર્ષના વિદ્યાર્થી સાથે આચાર્યએ આચરેલી હેવાનિયતના દશ્યો સામે આવ્યા છે. બાળક સાથે વિકૃતિની તમામ હદ પાર કરી દીધી હોવાનું સ્પષ્ટ દેખાય છે.

આરોપી પ્રિન્સિપાલ નિશાંતકુમાર વ્યાસને કારણે પાલિકાની પ્રાથમિક શાળાની આબરૂના પણ ધજાગરા ઉડાવ્યા છે. પુણા પોલીસમાં પાલિકાના તપાસ સમિતિના નિરીક્ષકે ફરિયાદ આપી હતી. જેના આધારે પોલીસે પ્રિન્સિપાલ નિશાંતકુમાર યોગેશકુમાર વ્યાસ(રહે,નિલકંઠશ્વેર સોસા,સુમુલ ડેરી રોડ) સામે પોક્સો એકટની કલમ મુજબ ગુનો નોંધ્યો છે. ગુનો દાખલ થતાની સાથે પ્રિન્સિપાલ નિશાંતકુમાર ઘરેથી ભાગી ગયો છે.

શાળાનો આચાર્ય નિશાંત વ્યાસ પોતાની કેબિનમાં ૧૪ વર્ષના વિદ્યાર્થીને બોલાવી તેને નગ્ન કર્યો હતો.

પછી અન્ય વિદ્યાર્થીને પ્રિન્સિપાલે પોતાનો મોબાઇલ શૂટિંગ ઉતારવા માટે આપ્યો હતો. પ્રિન્સિપાલની સાથે અન્ય કેટલાક વિદ્યાર્થીઓ નગ્ન વિદ્યાર્થીની મશ્કરી કરતા હતા. એટલું જ નહિ તે વિદ્યાર્થીને નગ્ન કરી કેબિનમાં દોડાવતા હતા. વિદ્યાર્થીના કપડા પણ સંતાડી દીધા હતા.





પુણામાં રહેતા ૧૪ વર્ષના વિદ્યાર્થી જેને પ્રિન્સીપાલે નગ્ન કર્યો હતો તેની પૂછપરછ કરી હતી. જેમાં વિદ્યાર્થીએ જણાવ્યું કે વીડિયો ૩ થી ૪ વર્ષ જૂનો છે. તે વખતે પ્રિન્સિપાલ નિશાંતના કહેવાથી ૬થી ૭ વિદ્યાર્થીઓએ મોબાઈલમાં વીડિયો બનાવ્યો હતો.

એક વીડિયો ૫૪ સેકન્ડ અને બીજો એક ૨.૧૨ મિનિટનો છે. એક વીડિયોમાં સ્ટાફ રૂમ જેવા ખંડમાં બાળકને સંપૂર્ણ નગ્ન કરી તેના હાથ-પગ જકડી બળજબરીનો પ્રયાસ કરાય છે. આ દ્રશ્યમાં યુનિફોર્મ પહેરેલા બાળક સહિત અન્યોના ચહેરા દેખાઇ આવે છે. પ્રિન્સિપાલ પણ દેખાય છે.મોડી સાંજે જાણવા મળ્યા મુજબ પુણા પોલીસે અરજી ને આધારે સમિતિની તપાસ સમિતિને પોલીસ મથકે તેડાવી છે. તપાસ સમિતિએ કરેલી અરજીમાં જે ૨૦૦ વીડિયો સામે આવ્યાં છે તેમાં કરાયેલી પ્રાથમિક તપાસમાં બાળકો સાથે જાતિય સતામણી અંગેની ઘટના અંશતઃ પુરવાર થઇ રહી છે. તેથી આ અંગે ફરિયાદ નોંધી વધુ તપાસ કરવા જણાવાયું છે.

પુણાની શિક્ષણ સમિતિની શાળા નં. ૩૦૦ના આચાર્ય નિશાંત વ્યાસ દ્વારા બાળકોની કરાયેલી જાતિય સતામણી પ્રકરણમાં પાલિકા કમિશનરે સમૂળગી ઘટના અંગે તપાસ સમિતિ નીમી હતી.

આ તપાસ સમિતિ દ્વારા પ્રાથમિક રિપોર્ટ આપવામાં આવતાં તેના આધારે આચાર્યને સસ્પેન્ડ કરાયો હતો. તપાસ સમિતિએ વીડિયોની પણ તપાસ કરી હોય વીડિયો બેથી ત્રણ વર્ષ જુના હોવાનું જણાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK